મુંબઇના જાણીતા ગાયણકારોના આ પુસ્તક માટે મતો.

સોપારીવાલા બંગલો, દાદર,
તા૦ ૩૦ મી મે ૧૯૨૩.

મેહેરબાન ભાઇજી ફીરોજશાહ કાપડીઆ,

તમારી ચીઠી તથા ગાયનની ચોપડી એક મલી છેજી તમોએ આવી સારી ભકિત નસીયતની ચીજો જોડી છે, તે વાંચી ખુશી થઇ છુજી. જેઓને નાટકની ચીજો ગાવાને શોખીન હોય તેઓને આ ચીજો વધારે અનુકુલ થઇ પડે તેમ છે કારણ નાટકની ચીજોના બોલો કરતાં આ ભકિત નસીયતના બોલો ગાવાથી સારી અસર થવા સાથે મોજ મલે તેમ છે. તમોએ આટલી બધી ચીજો જોડવા માટે કેટલો બધો વખતનો ભોગ આપ્યો હશે. તમોને એ મહેનતને ખંતનો બદલો ફતેહમાં મલે એમ હું ઇચ્છું છું.

હાલ એજ ઉતાવલ માફ.

લી૦ દુવાગીર બેહેન,

શાહેરા કાપડીઆ.

સ્ટાર મ્યુઝીક ને કટીંગ કલાસ.

તથા

સ્ટાર પ્રાયમરી સ્કુલ.

(સ્થાપના ૧૯૧૬)

કુપર બીલડીંગ ખેતવાડી ૧૨ મી ક્રાસગલ્લી.

સરૂઆતથી સ્કુલની દરેક બાબદ ઉપરાંત અંગ્રેજી, ડ્રીલ, ડ્રોઈંગ, તેમજ બાળકીઓને સીવવા, ભરવાનું તેમજ કપડાંપર નામ પાડતાં પણ સરૂઆતથીજ કેળવાયલા ને અનુભવી બાનુ શિક્ષકોથીજ માલેકની જાતી દેખરેખ હેઠળ શીખવવામાં આવે છે. તેમજ અંગ્રેજી પણ સારી સરૂઆતથીજ શીખવવામાં આવે છે.

સંગીત માટે ખાસ

ભાઈ ફીરોજ રૂ. કાપડીઆને

તથા કટીંગ માટે લાંબા અનુભવી

દરજી નરસીંલાલ ગોકલદાસ

જેઓ જાણીતાં ખાતામાં એ કામ માટે પ્રખ્યાત છે તેઓને રોકવામાં આવ્યા છે.

નવરોજી ડોસાભાઈ બાંબોટ

(સ્થાપક)

મ્હારા વ્હાલા ભાઇ ફીરોજ રૂ. કાપડીઆની મુજ અદના લેખક ઉપર અતિ મહેરબાની ઉતરી છે, જેમાં એજ ભાઇના ઉંચા ગુણનો ભાસ કહેવાય, કારણ કે પોતાની રસીલી ચોપડીની રશ્ય કેવું છે, તે જાણવા હોશ રાખી છે.

કોઈપણ વેળા, કશાબી કામ ઉપર ટીકકા નજ કરવા એવી મ્હારી જાહેર ચુપકીદી, કાંઈ સાદા શબ્દો માટે, એ પ્રિય ભાઈ માટે ઓાશીશ.

એ ભાઈએ રચેલી એમની ફીરોજ ગાયણ સંગ્રહ નામની સંગીતની ચોપડી એમની પ્રથમ કોશેશ છે જે માટે, તાલ અને રાગ યા નોટેશન એ ભાઇએ આપ્યુજ નથી તેનું કારણ સહેલથી સમજાશે કે, એ પ્રયત્ન એ ભાઇએ મનની મોજીલી મજાહ, ચાલુ ગાવાની રાગ રાગણીઓની ખ્યાલી પર બાંધી છે, જે રાગણીઓના હવાલા દરેક સંગીતનાં મથાલા ઉપર તરનજ જોવા મલશે વધુ એ સંગીતો એમના અનેક સંગીત વર્ગોમા ગવાડવામાં આવે છે, એમ આપણી ને એવણની શિક્ષક તરીકેની પિછાણ ઉપરથી માલમ પડે છે તે માટે રાગ અને તાલની ખુંટ પુરી પાડી નથી હવે સંગીતો ને હાલના, પોતાની ચાલુ મહેનતમાંથી ફારેગ થતા મન ભાવના જોશો, અહુર અલ્લાહ હરી અને નાથના અનેક પ્રિય તારોના મુળ રસમાં સમાવવા ઝાઝો કોશેશ કરી છે, જે પ્રથમના સંગ્રહ તરીકે, કાંઇ વ્યર્થ નથી, પરંતુ, તે સઘળુ બાજુ મેલતા એક આદી લેખ કલાનો ગુણ છે, એજ મલશે કે એમાં ભક્તિરસ અને સંસારની શ્રેષ્ઠ સેવારૂપી ખાડ પુરી પાડવા શ્રમ કર્યો છે.

વિચાર કોઇ બીકલાની મતા નથી, જેવા આવો, અને હાવો

બીજા માટે તારવી કાઢયે તેમ કઢાય પરંતુ શું બન્યું નથી તે નજોતાં શું થયું છે, તેજ જોવા આપણી કોમ હોશ રાખશે, તે એજ કે એવી પ્રયાસની હાલમાં જરૂરજ છે, અને એવા ગુણ ભાવથી ભરપુર સંગીતો સાંધે છે તેવો અહુરાના પ્યારાજ હોય છે, એવા એક લેખકને કવિતાના હુન્નર અને સંગીતના સરોદનો શોક ધરાવતાં જોઇ, તેમને પારસી લેખક વર્ગ ખરેજ આવકાર આપી વધાવશે બાકીનું જાણનાર પાકઅહુરા છે, તેજ મારશે, અને તેજ તારશે.

લી૦ સદા સેવક,

હોરમસજી સોરાબજી મીસ્ત્રી,

(હરમીસ).

મુંબઇ, તા૦ ૭-૬-૨૩.

ભાઇજી ફીરોઝ કાપડયા,

તમોએ મારી ઉપર જે તમારાં ગાયણનું પુસ્તક "ફીરોઝ ગાયણ સંગ્રહ" મોકલ્યું છે તેની નોંધ લેતાં મને બેહદ ખુશાલી ઉપજે છે. આ પુસ્તકમાં તમોએ તમારી બાહોશીથી જે તમામ જાણીતી રાગ રાગણીમાં ભકિત નીતીના અને બોધદાયક ગાયણો જોડયા છે તે માટે ખરેજ તમને ધન્યવાદ ઘટે છે. ગાયણો એવી તો સરલ ઢપે બાંધ્યાં છે કે શું મોટા કે શું નાના દરેકને સમજ પડે અને સહેલાઈથી ગાઇ પણ શકે તેવાં છે, આ તમારી પહેલી કોશીષ છે અને તેમાં તમોએ આવું સારૂં કામ કરી બતાવ્યું છે તો આશા રાખવામાં આવે છે કે ભવિસ્યમાં પણ આથી પણ ઉતમ ગાયણો જોડી જાહેરમાં તેમજ પુસ્તક રૂપે બહાર પાડશો.

છેવટે તમોએ લીધેલી ભારે શ્રમ માટે તમને મુબારક બાદી અને જાહેર આલમ તરફથી ઘટટો ટેકો ઘટે છે.

લી૦ સેવક,

રૂસ્તમ નઓશેરવાન માસ્તર

મુતખલ્લુસ

આદીળ.

તારદેવ, ૬-૬-૨૩.

બલસારા ટ્યુશન ક્લાસ.

સ્થાપના ૧૯૦૫.

આ જુના અને જાણીતા ક્લાસો તેનાં **મહલાભરેલાં** ખંતીલાં શિક્ષણ માટે ઘેરે ઘેર એકે અવાજે વખણાય છે. એમાં કોઈબી ઉંચ કોમના છોકરા છોકરીઓ, બાનુઓ અને ગૃહસ્થોને સવારે-સાંજે-રાતે યા આખો દિવસ, અંગ્રેજી જલદી લખતાં વાચતાં અને બોલતાં તેમજ હારમોનીઅમ-વાયોલીન, દીલરૂબા, કટીંગ, બુક-કીપીંગ શોર્ટહેંડ-ટાઈપરાઈટીંગ, **ધર્મજ્ઞાન** અને ક-ખ થી મેટ્રીક સુધીની કોઇબી બાબદો ઘણાં વરસોના અનુભવી શિક્ષકો દરેક વિદ્યાર્થી ઉપર છુટું-છુટું ધ્યાન આપી ઘણીજ કાળજી અને મહેનતથી શીખવે છે. બાનુઓ માટે **મહલાભરેલી** ખાસ સગવડો છે.

તમારાં બચ્ચાંઓને તાકીદે લાભ આપવા માટે

ગોરખપુરવાલા બીલ્ડીંગ, વાડીઆજીનાં આતશબેરામ સામે, ૧૧૯, ધોબીતલાવ

અથવા

કોટમાં ડા૦ એરચશાહ હકીમનાં દવાખાનાં સામે, મા. શેઠની વાડીની પાસે, ૮૧, ગનબાવા

જીમાં મળશોજી.



મરહુમ બાઈજી ફીરોઝ કાપડયા

જનમ	મરણ
તા૦ ૫ મી અકતોબર ૧૮૯૧	તા૦ ૨૬ મા સપતેમબર ૧૯૧૮

અર્પણ પત્રિકા.

અશો યાદમાં !

મુંજની વ્હાલી માતાએ આ ગેતીમાં દીધેલા જન્મ પછી મોટપણમાં આવી, સામાન્ય અભ્યાસના આધારે આગળ વધી રળતો કમાતો થઈ જ્યારે સંસાર સાગરમાં ઝીપલાવવાની હોંશ કીધી ત્યારે એક વ્હાલો જીવ "જાઈજી" રૂપે મને મળ્યો. જેના વ્હાલની વીંટમાં, આ જગત બંધારણમાં ઘણું નવું જોવાનું મળ્યું,—ઘણું નવું શીખવાનું મળ્યું,—જેની સદાની ઉલત અને ઉમંગથી વધુને વધુ આગળ વધવાનુ મળ્યું—બલકે જ્યારે સંપુર્ણ સુખ પ્રાપ્ત થયું, તે સમયે, તેજ કાળે, અહુર મતિએ તેજ "જાઈ" ને માંહરા માર્ગમાંથી મિનોઈ મથમાં મોકલાવી મને સદાનો વિખુટો બનાવી. માંહરૂ સર્વ સુખ છિણવી લઈ, માંહરા હૃયને સદાનું સુનુ કરી મુંકયું તેજ વેલાએ ઓ "જાઇ" ત્હારી સંગતના સુખને કદી નહિ વીસરવાના નેક હેતુથી આ નાનું કૃત તું વ્હાલીને અર્પણ કરી કંઇક દિલાસો મેળવીશ—

અર્પણ

જાણી જગમાં જાણશો—પ્રીત ખરે એમુળ
ઇચ્છા જાગે આશમાં - ના કરશો તે ધુળ
જીવ બને હર હાલમાં—સુખ પમડતો વાડ
ફીકો છે આ જગ મહિ—પ્રીત વગરનો લાડ
રોકો ચિત્તને અહુરમાં—પાર કરે મન આશ
જગના હરહર દુઃખમાં—સ્વચ્છ બને છે સાંસ
કામ ક્રોધ ના રાખશો—બળશે દિલમાં દાઝ
પક્ષ થશે તમ પરમ કાજ—ઉંચી રાખી લાજ
દીન ધરમને પાળતાં—જીવ ખરે મળકાય
આખરતમાં તું ખરે—રબ દવારમાં જાય !

ત્હારા વિયોગથી દુઃખી બનેલો,

ફીરોઝ.

બે બોલ

મારા મિત્ર ભાઈ ફીરોઝ રૂસ્તમજી કાપડયાએ પોતાના મરહુમ ધણીયાણી બાઇ જાઈજીની યાદમાં પોતાની નાકેશ શકિત પ્રમાણે જોડેલાં કેટલાંક ભકિત નીતીના ગાયણોનો સંગ્રહ બહાર પાડવાનું આરંભી તેના પ્રથમ મારા પુષ્ટ હાથમાં મેળ્યાં છે ને તે માટે કાંઈ થોડું લખવાંની મને ફરમાશ કીધી છે.

જે ભલી નેમથી એ ભાઈએ આ કાંઈક થોડાં ગાયણો બહાર પાડયાં છે તેની ઓતેબરી તરફ જોતાં તેઓ માટે બે બોલ લખવાનુ મે ખુશી સાથે આરંભ્યું છે, પણ મને ઘણી દલગીરી સાથે કહયા વિના ચાલતુ નથી કે ગાયણ રચનામાં જોડણી અને અક્ષરપર એ ભલા ભાઇએ લગાર વધુ શ્રમ લીધો હોત તો ઠીક પડત. ચોપડી નો ગેતઅપ સારો છે, અને રચનારે ભકિતભાવના ગાયણોનો પ્રચાર કરવાની જે પેરવી કરી છે તે આવકાર દાયક છે જો કે ભકિતનિતીના ગાયનોના કેટલાંએક રચનારાઓ પોતાને માટે જણાવે છે કે તેમણાં ગાયણો સર્વોપરી છે, પણ મને કહયા વીનાં ચાલતું નથી કે ભાઈ ફીરોઝના સંગ્રહના કેટલાંએક ગાયનો ખચ્ચીતજ આપણી ઉધરતી ઓલાદના મોઢામાં આપવા લાયક છે. નીંદા ન કરવી, માબાપની સેવા, અભિમાન ન કરવું, નેકી કરવી તેમજ આ દુન્યાની નાપાયદારી પૈસો, ધીરજ વગેરે વિષ્યોના ગાયણોનો સમાવેશ ફીરોઝ ગાયણ સંગ્રહમાં કરવામાં આવ્યો છે જે વિષ્યોખરેજ ગોખવા લાયક છે.

ભાઈ ફીરોઝે મને વખતો વખત કહયું છે કે જે સુંદર હીંદુસ્તાની રાગણીઓની અંદર જે કાંઇ વાંધાભર્યાં બોલોવાળાં ગાયણો રચવામાં આવ્યાં છે તે આપણા બચ્ચાઓને આપી શકાય એવા ન હોવાથીજ પોતે તેજ રાગણી ઉપર ખુદાઇ ગાયણોના બોલો બાંધ્યા છે અને ભાઇ

ગોળવાલા ટ્યુશન કલાસો.

(કોટ, બુંબાખાનાં સામે)

મેત્રીક કલાસ—દર સાલ ઝળકતાં પરિણાંમો મેત્રીક મેથમેટીક્ષમાં ફેલ થનારને ફી પાછી જુદી જુદી બાબદો ના જુદા જુદા અનુભવી ગ્રેજ્યુએટો અને સ્પેશ્યાલીસ્ટો, તેમજ પ્રીનસીપલનું અંગ્રેજી શિક્ષણ.

સ્પેશ્યલ ઇંગ્લીશ કલાસ—જે છોકરાઓ કંઇને કંઇ કારણોથી સ્કુલોની બધી બાબદો નહિ શીખી શકે તેઓને ફકટ અંગ્રેજી બોલતાં, કાગળ પત્રો લખતાં તથા હિશાબ શીખી લઇ નોકરી ધંધે લાગી જવાને આશીર્વાદ સમાન છે. સંખ્યાબંધ નબળા છોકરાઓ પોતાનુ ભવિષ્ય સુધારી શકયાછે. નવો વર્ગ આ માસથી ચાલુ થશે

મ્યુઝીક કલાસ—નોકરી ધંધો કરનારા સંગીતના શોખીનોને ખાસ સગવડભર્યા હારમોન્યમ, વાયોલીન, દિલરૂબા વગેરે વાજીંત્રો જુદા જુદા વર્ગો, મેસર્સ હરમીસ, રૂસી જ. ભેસાન્યા, તથા ફીરોઝ રૂ. કાપડયા મ્યુઝીક ટીચરોનું શિક્ષણ.

કેળવણી ખાતાના વડાઓએ, જાણીતા આસામીઓએ અને જાહેર છાપાએ આપેલા ઉંચા મતો મંગાવી વાંચશોજી.

એરચ રૂ. ગોળવાલા,

પ્રીન્સીપલ તથા માલેક.

ફીરોઝની આ કોશેષ પ્રસંશાપાત્ર છે વળી મેં ઉપર જણાવ્યું તેમ પોતાના મરહુમ ધણીયાણીની નેક યાદી એક પુસ્તક દ્વારા રાખવાની આ ચોપડી રચનારની નેમને ખરેજ ભલી જરથોસ્તી આલમ તરફથી ટેકો ઘટે છે અને છેવટે એ મારા ભલા ભાઇને એવણના આ કામમાં દરેક ફતેહ ઇચ્છુ છું.

લા૦ સેવક,

રૂસી જમશેદજી ભેસાન્યાં

મુંબઇ તા૦ ૧૪–૫–૨૩

મેં આ પુસ્તક બહાર કાં પાડયું ?

પુસ્તકમાં સમાયલા વિષયો, વગેરે ?

સંગીતની શોખીન આલમ સમક્ષ આ એક નજીવી ચોપડી ધરતાં લગાર આચકી તેમજ ખુશાલી પ્રાપ્ત થાય છે. આંચકી આ માટે કે એ સંગીતના ક્ષેત્રમાંની મારી પ્રથમ કોશેષ હોવાથી રખેને ભુલોથી ભરપુર હોય યાને ખુશાલી આ માટે કે એને બહાર પાડવા માં મને મારા આતમાંએ મારી મરહુમ ભલી નેક ધણીયાણી જાઈજી ની યાદ જાથુકની કરવાને મને વિનવ્યો છે. શુ ગુણ ગાઈશ મારી તે ભલી ભોલી, લાગણીવાલી, નેક મોહુરદારના કે જેના બે અતી પ્યારાં ભુલકાંઓ આજે પણ પોતાની વહાલી મરહુમ માતાને માટે જાઈ મમાંનો પોકાર કરી રહયાં છે કે જે પોકારોનીજ મને લાગે છે કે અસરથી મને આ ચોપડી લખવાનુ ભાણુ થયું.

મુંબઈના જાણીતા મ્યુઝીક કલાસો જેવાં કે બાંબોટ, બલસારા, ભેસાન્યા મ્યુઝીક કલાસોના મ્યુઝીક ટીચર તરીકેનો જે લાંબો અનુંભવ હું તે પરવરની મહેરથી મેળવવાને નસીબવંત નીવડયો તેમજ વળી અનેક મેળાવડાઓમાં ભાગ લેવાથી જે કાંઈ જોયું તે ઉપરથી આ મારા નાના પુસ્તકમાં નિતિ ભકિત અભિમાન ન કરવું, માબાપની સેવા કરવી, પૈસાનો લોભ ન રાખવો, વગેરેને લગતાં ગાયન ખાસ રચીને સમાવાનો કસદ કર્યો અને તે દાદગર દાવરની દરગાહ માં શુક્ર કરૂ છું કે મારી મજકુર નેમ બર આવી યાને આ પુસ્તક દુન્યાઈ અજવાળું જોવાને સામર્થવાન થયું.

હું કાંઈ એક સંગીત શાસ્ત્રી નથી તેમજ વલી હાલમાં સંગીતના મોટા ખાંઓમાં ખપવાનો આફરો રાખનારાઓમાંનો એક નથી આતો એક નજીવો પ્રયાસ છે અને મે ઉપર જણાવ્યું તેમ તે ભુલોથી ભરપુર હશે. પ્રિય વાંચક વર્ગને એટલીજ અરજ કરૂં છું કે રહેમ નજરથી સઘળું ક્ષમા કરવું અને જયાં યોગ્ય હોય ત્યાં સુચના કરવી કે જેથી બીજો ભાગ કાઢતી વેળાએ તે સઘલી ધ્યાનમાં લેવાને મારી આઇન ફરજ વિચારીશ.

આ તકે આ મારી ચોપડીને માટે બે બોલ લખવાને આપણા જાણીતા ગાયનકાર અને ઉત્તસાહી યુવક ભાઈ રૂસી જમશેદજી ભેસાન્યાએ જે મહેનત લીધી છે તે માટે એ ભલા લાયકીવાલા ભાઇનો ઉપકાર માનું છું અને એમને ખાતરી આપુ છું કે જે ભુલો ખુલ્લાં દીલથી એ વડીલ ભાઇએ મને બતાવી આપી છે તે ફરીથી બનવા પામશે નહી.

છેવટે તે પાક પરવરને બે હાથ જોડી અરજ ગુજારૂં છું કે તે મ્હાન સાહેબ મારી તે ભલી મરહુમ ધણીયાણીના આતમાને સદાની શાંતી બક્ષે, તેનું રૂહ શાદમાન રહે, અને તે મહા દયાળુ બાપની મહેર તે મરહુમના બચ્ચાંઓ ઉપર રહે. વળી ભલી માઝદીયસની જરથોસ્તી દીનની સદા ચઢતીજ રહે, જરથોસ્તીઓ હરસમ હર મુકામે આબાદ રહે, હુન્નર, ઉદ્યોગ, અને કેળવણીની દરેક શાખામાં તેઓ સદા આગલ રહે, તેઓની બોલબાલા થાય, આમીન!!

લા૦ તાબેદાર સેવક,

ફીરોઝ રૂ. કાપડયા મ્યુઝીક ટીચર

૩૪, કાશીનાથ બીલડીંગ પારસી બજાર, કોટ,

મુંબઈ તા૦ ૧–૯–૨૩



ફીરોઝ રૂસ્તમજી કાપડયા, મ્યુઝીકટીચર.

ફીરોઝ ગાયન સંગ્રહ.

૧૨૫ ગાવા લાયક

ખાસ જોડેલાં ભક્તિભાવના બોધદાયક ગાયન

રચનાર અને પ્રગટ કરનાર

ફીરોઝ રૂસ્તમજી કાપડયા,

તે

" સ્ટાર મ્યુઝીક કલાસ,—બલસારા મ્યુઝીક કલાસ, ગોલવાલા ફોર્ટ મ્યુઝીક કલાસ અને ભેસાન્યા મ્યુઝીક કલાસના મ્યુઝીક ટીચર."

ભાગ ૧ લો

કીંમત રૂ. ૧।।

ફીરોઝ રૂ. કાપડયા ઠેં૦-કાશીનાથ બીલડીંગ પારસી બજાર કોટ,
ને માટે માલેક અને પ્રીંટર મનચેરશા કાવશજી શેરાબજીએ
ધી " કમર " પ્રેસ અબદુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈમાં છાપી છે.

સને ૧૯૨૩

પાક અહુરા.

રાગ મુજે દરદેજીગર

પરવર જગપર સરદારી તારી ભારી
આપી હરસમ તું યારી સારી
તુજની બલીહારી ભારી
કુલ આલમનો થજે સહાયકારી—પરવર

(સેઅર)

દાતા તારાં નાંમથી શુભ કામથી ભવસાગર સંસાર
પાર ઉતાર સરવને ખુદા તુ સરજનહાર
આપી સદા તુજની યારી કરજે મેહર હરદમ પરવર
રાખી હરસમ લાજ જગતની તુંજ ભક્તિની માંગુ દયા હરવાર
નેકી નીતીમાં સદા કરશુ ફરજ અદા
નાંમ તેનો નાશ સદા હરદમ રહેશે નાંમ ખુદા
કુલ આલમની તું કરજે યારી ઓ દાતારી
ઓ દાતારી તુજ દીલદારીની હું માંગુ યારી
છે પનાહમાં કુલ આલમ તારી સારી—પરવર

૨

રાગ જગમે શાહી તેરી

જગમાં સરદારી છે તારી કુલ આલમમાં સરદારી છે તારી
યા ખુદા યા ખુદા કુલ આલમમાં રોશન છે તારૂં નામ
હમને પનાહમાં તારીલે અરજ સુન પરવર દીગાર
કુરબાંન કરશું જાંન પ્રાંણ છે બંદા ગુનાહગાર
સરદારી કર યારી ગમખ્વારી દુર કર અએ ખુદા-જગમાં સરદારી

૩

રાગ ભજન હરીનુ કરી લે જગમાં

હરી ભજન તું કરલે બંદે યેહી કામ સબ આના હુએ
જુઠી કાયા જુઠી માયા જુઠા સબ સંસારા હુએ
જુઠી જગપે ન કર ઈતબાર દુનીયાં એહ છોડ જાના હુએ
અંત ઘડી કોઈ કાંમ ન આવે રામ નામકો ભજલે—હરી

૪

રાગ ભજો હરી નાંમ સજની

રામ નાંમ ભજો તુમ સબ સજની
અપનો જનમ સબ સફળ પાએગા
દુઃખ સંકટ સબ હરી વોહ મીટાએગા
ભજો તુમ નાંમ હરી સજનીઓ હરઘડી
સફળ જનમ ભજની—રામ

૫

રાગ પસતાસો સજની પાપના કરો કોઇ

હરીકો હરલે તરલે પાર ઉતરલે
તરલે પાર ઉતરલે સજની તરલે પાર ઉતરલે—હરીકો
જુઠી કાયા જુઠી માયા અંત સમયે કોઈ સાથ ન આયા
જુઠા જગ બેવહાર—હરીકો

(સેઅર)

જુઠી જગતકી પ્રીતપે રખ મતતું ગુંમાન
રામ નામકો યાદ કર હો સદા તેરા કલીયાંન
જુઠી હુએ જીંદગાની દો દીનકી હુએ મહેમાંની
હરીકો ભજલે હરદમ તું ગ્યાની
હોગા બેડા પાર—હરીકો

૬

રાગ લઈ નામ ખુદા નામ

કરો નેક સદા કાંમ હરધામ
ફતેહ થસે સદા તેની હરવાર—કરો નેક
પરવરથી તું ડરતો રહેજે કરતો નાં અભીમાંન
મોહ માયામાં વશજો થશે તો મહા બુરો અંજામ
પરવરની યાદ કરી સુખ પાંમ—ફતેહ

૭

રાગ તાબે દેખ નેકી

અરે ઓ માનવી તેં જગમાં આવી શું કીધું
રહયુ નથી રહેશે સદા તેં શું લીધું દીધું
દારાં નથી જમશેદ નથી નથી સીકંદર શાહ
આયા ગયા સઉ ખાલી હાથે અંત શું લીધુ—અરેઓ
અમીર ગયા ફકીર ગયા રહયા ન અહી સદા
મનનુ મનમાં રહી જશે દાંના તે શું કીધુ
ફ્રાંની આ જગમાં બે દીનની મહેમાંની છે
કરજે પરવરની યાદ સદા તે જનમ સફલ કીધુ—અરે

૮

રાગ હરી સંકત મુજનાં ટાલજે

મહાં દયાલું સંકટ મુજના તું તાલજેરે
રહેમ કરી મુજનાં કષ્ટ તું કાપજેરે
રહેમી દાતા મદદ મુજપર કરજે
આશીસો મને આપી દુઃખીને આભારી કરજે
સરજનહાર તુ જગતનો આધાર
દુઃખોને તું તારનાર પ્રેમથી પાલજેરે—મહા દયાલુ

૯

રાગ જહાં દેખો વહાં રામહીરામ

ભજન હરીનું ગાવો ભાઈ
નીશદીન હરપલ યાદ પ્રભુની ચાહી—ભજન
કરતાં ના કદી પાપનાં કાંમો
પાપ કરી તમો સુખ નહી પામો
કરજો ભલાઇ ને તજજો બુરાઈ
ચાર દીનની જીંદગી છે સમજો સઉ ભાઈ
કહે ફીરોજ સઉમાં નેકી સમાઇ—ભજન

૧૦
રાગ સખી સ્વપનમહી

સમજો સખીયો ટુંક જીવતરમાં નથી સાર અરે આ જુઠી જગમાં
કરજો સરવે સુભ કાંમ સદા ફરજો તમારી સર્વે કરજો અદા
હરદમ સેવા માય બાપની કરી
મળશે તમને રૂડી આશીસ ખરી
સંસારથી પાર ઉતરસો તરી
તનથી મનથી મનનાં ખંતથી કરજો સ્વામીની સેવાઅરે
સર્વ સુખ મલી જશે દુ:ખ તલી રહેસો સદા ઉમગમાં હલમલી
સુખની ઘડીમાં ના કરતાં ગરૂર
થશે લાચાર આ ફાંની જગમાં જરૂર
સુખમાં રહેજો સદા નેકી કરી
મેહર પરવરની રહેશે તમપર ખરી
મનશની ગવશની કુનશનીનાં કલાંમ
રાખી જબાંપર રહો સુખી સદા—કરજો સરવે નેક

૧૧
રાગ તાબ ઉસે દેખનેકી

અરે માનવી છોડ ગુંમાની આખીરતો તું છે ફાંની
નથી કોઈની રહી રહેવાંની ખાકી છે આ જીંદગાની
થોડા દીનની છે એ કહાંની રબને ભજીલે તું ગ્નાંની
કરશે જેવું ભરશે તેવું છોડ માનવ તુ અભીમાંની
ઘડીપલની નથી ખબર અરે સમજ માનવી બેધ્યાની
રહીમો રહીમની ખાકમાં તુ હરદમ એક રજજાંની
કહે ફીરોજ આ જુઠી જગમાં યાદ કરીલે યજદાંની–અરે

૧૨
રાગ વારીજાવુરે સાવરયા

કરીએ ભક્તિ ખુદાની સજની ઉગારનારરે દુ:ખો તારનારરે
તનમનથી સદા બંદગી કરીયે
ભવભવ સાગરથી પાર ઉતરીયે
કરીયે નેક કાંમ નીત સદા સજની તારનારરે—કરીયે

૧૩

રાગ ગરીબપર દયા રાખો

મુશીબતસે છુડાલે તુ અરે ઓ પરવર મુજકો
કરૂં કુરબાંન જાંન તનસે અરે પરવર હરદમ તુજકો
હમ ગરીબો લાચારપે રખમાયા તેરી હરદમ
રહા લાચાર એ જગમે છુડાલે દાતાતું મુજકો
તુંહીં તારનાર તુંહીં મારનાર તુંહીં હુએ જગકા સરજનહાર
તુંહીં માતા તુંહીં પીતા તુંહીં દાતા તુંહી ત્રાતા

૧૪

રાગ કરમના લેખ લખેલા હોય

જુઠી આ જગતમાં નથી સાર ખુદાને યાદ કર હરવાર
ખુદાને યાદ કર હરવાર જગતનો છે તે પાલનહાર
કહે માનવી નજુમીને બેડોપાર કર મારો
નજુમી કોન એવો છે સુધારે તુજનો સંસાર
જો કોઇ ધુને નરનારી અભનો જાસે ત્યાં દોરી
કરસે જરની ખુવારી આખીર રહસે સદા લાચાર

૧૫

રાગ ગરીબોપર દયા રાખો

ગરીબોપર દયા રાખો અરે ઓ પરવર તુજની
દુઃખની દાદ તું લેજે અરે ઓ દાદઘર મુજની
નીભાવી સદા તું માલીક આપજે મુજને યારી
દુઃખો કાપી સુખો આપી પનાહમાં છું સદા તુજની
તારનાર તુ મારનાર તું એ શક્તિ છે તારી ભારી
લાખો અહેશાન છે તુજનાં રાખ તુ લાજ અરે મુજની—ગરીબોપર

૧૬

રાગ આજ શાંમ મોરલી

આજ કરીએ શુભ કાંમ લઇ મુખે પરવરનું નાંમ
લઇ મુંખે પરવરનું નાંમતો મલસે જગમાં સુખ આરાંમ
હરઘડી કરો સરોશ સેવા દુઃખ કાપી સુખ લેવા
નેકી કરો કરો જગમાં સદા ફળ શુંભ પામવા

૧૭

રાગ હમસે પીયા તકસીર ભઈ

નાકર અભીમાન એ જુઠી જગમે આખીર હોગા લાચાર
આખીર હોગા લાચાર બંદે—આખીર
કાયા જુઠી માયા જુઠી જુઠો સબ સંસાર
જુઠી જગતમે નેકી કરલે આખીર હોગા બેડાપાર
લાયા કયાતુ લેજાએગા સાથ ન કોઈ આએ તેરી સંગાથ
ભગવતકો તું હરદમ ભજલે હોગા તેરા સુખી સંઉસાર-નાકર અભીમાંન

૧૮

રાગ ધરીલે હીત સીખામન

સમજો ધ્યાન ધરી નાંદાન ગર્વમાં નથી તુજનું માંન
ગર્વમાં નથી તુજનુ માંન મુરખતું છોડ સદા અભીમાંન
ધનદૌલત જોર જુવાંની રહશે ન જગમાં કાંઇ
રહયાં નથી રહેશે સદાતું જાએ માંને મરડાઈ
લાવ્યો શું તું લઈ જવાનો કયાં છે તુજનું ભાંન
કરશે ભકિત નિત્ય પ્રભુની તો મલસે જગતમાં માંન

૧૯

રાગ ખીલ્યાં છે ગુલેસતાનમાં

સરજન હાર છે જગનો માલીક તું છે સરવનો
દુઃખ તાલી સુખ આપજે ગુણ ગાવો બહેની પરવરનો
નીરનજન નીરાકાર તુ જગમાં સદા આશકાર તુ
ગુનાહગાર છું આ જગમાં સદા ભય છે મુજ ગર્વનો
ધર્મદાનમાં ધ્યાન ધરવા સદા શકિત આપજે મુજને
લાખો યહેશાન છે તુજનાં ગુણ ગાવુ સદાહું રબનો—સરજનહાર

૨૦

રાગ ભજન ભગવાનનુ કરીલે

સરોશ સેવા જે કરે નરનાર
તે આ ભવથી પાર તરે
ધર્મદાનમાં ધ્યાન ધરે જે હરદમ કોઇથી નાં ડરે
ભવસાગરથી પાર તરે તે મીનોઈ મઠમાં જઇ ઠરે—સરોશ

૨૧

રાગ જલથલ મેતોહે

જગમાં તારી ખુબી છે ન્યારી ભારી બલીહારી સારી
રાખી લાજ જગત કાજ મુજની આજ તારી લીલા જગમાં ભારી

(સેઅર)

પરવર આપજે મુજને હરદમ તુજની યારી
ઉતાર આ જગથી સદાપાર મુજને
હરદમ હું ગાવું ગુણ સદા તુજનાં
દુઃખ કાપી હરદમ મુજનાં પાલનહાર છે જગનો
દેજે તારી સઉને યારી તુજની ભારી દાતારી—જગમાં તારી

૨૨

રાગ ખુદ હાથોથી

સરખે સરખી સજની મલી સુભ ગાવો
સઉ ગાવો હરખાવો

(સેઅર)

મન મગન રાખી સદા કરજો સરવે નેક કાંમ
આશ ન રાખો પરાઈ આશ નીરાશ સદા જાંન
છે જુઠી જગ ન કર ગુમાની
છેએ ફાંની છોડ નાંદાની ન રહેવાંની સુન જ્ઞાની
યઝદાંનાં ગુણ ગાવો

૨૩

રાગ દીવાનાંહું મય શયદાહું

કરજે મદદ મુજને ઓ દાદઘર ખુદા
રાખી છાંયો તુજનો સદા કરો રહેમ મુજપર સદા
જગમાં તારી કીરતી ન્યારી ગાઈ સદા હુ જાવુ વારી
લેજે દાદ તું ઓ મારી જગદાતાર સદા
હરબામમાં શુભ કાંમમાં નેક ફતેહ તુ મુજને બક્ષ
પનાહમાં છું હું તુજની સદા ઓ દાદઘર ખુદા—કરજે

૨૪

રાગ ખુદા દાદ લેકાંઇ

પીયો જાંમ ખુશીની અશોઇની આજે કરવા સખી શુભ કાજ
રોકી મનને સદા ઉંમગમાં રાખો દયા દીલ દાઝ
જરૂરી કેલવની લેજો બહેની ફતેહ સદા છે આખીર તેની
રૂદાં ચલનમાં સદા આનંદમાં કરજો સેવા સરતાજ
સચ્ચાઇનુ સદા સુખ છે ન્યારૂ સચ્ચાઇથી ન થાએ નઠારૂ
તનથી મનથી રહો સદા સંપથી સફળ સદા તુજકાજ
મનનુ મનમાં રહી જશે ને ધારીયુ સદા નહીં થાએ સજની
જીંદગી છે ફાંની ન રહી એ રહેવાંની કરીલે યાદ યઝદાંન
કાપી કષ્ટ સદા આ જગનાં લાખો અહેશાંન છે જગપર તુજનાં
પરવર મુજપર કર તું રહેમ નજર છેતું સદા મેહરબાંન
દીધો મુજને તુજનીયારી કરૂં કુરબાંન જાન તુજપર વારી
આપજે યઝદાંન ધર્મદાનનુ ભાંન કરૂં કુરબાંન મુજજાન-પીઓ ખુશીની

૨૫

રાગ સદા રાખો નેકી સારી

માત પીતાની સેવા કરવા મન મારૂં હરખાએરે
માત પીતાની માયામાં મન મુજ સદા લલચાએરે
માતા મુજની કેવી વહાલી મુજ દુઃખે દુઃખી થાએરે
મુજને ફરતી હરતી જોઈ માત જીગર છલકાએરે
માતા સમ નહી મીઠો મેવો જગમાં સદા પંકાએરે
માત પીતાની પ્રીતી ન્યારી ખુદા બલીહારી તારીરે
માત પીતાની સેવા જે કરસે ભવસાગરથી તરસેરે
કહે ફીરોજ માતાસમ વહાલી જગમાં કોઇ નવ થાએરે

૨૬

રાગ સઉસાર સાગરમાં તરીયે

જગમાં નીંદા કોઈની નવ કરીયે સાહેલી નકરીયે આ ભવ કેમ તરીયે
નીંદા નઠારી છે જગમાં અકારી શુભકાંમ કરી મન ઠરીયે
જુઠી આ જગતમાં માયાને છોડીને રામ નાંમ મુખે ધરીયે
પરવર આ જગમાં આપજે યારી સંઉસાર તરી પાર ઉતરીયે

૨૭

રાગ ખુદાતું હમારી દાદલે

દાતા મુજની લાજ શરમ છે સદા તુજ હાથ
રાખી મેહર સદા તુજની હમપર રહેમ તુજની
ખુબી છે હરદમ તુજની ભારી ન્યારી
આપી સુખ દુઃખ દેજે વિચારી
કુલ જગતનાં કષ્ટને કાપી સદા ખુદા મેહર કરજે તુજની
કુલ આધાર જગતનો છે હરવાર તુજપર
દયા દીલ રાખી સદા તુજ હમપર
કરૂં કુરબાંન મુજ જાંન તુજપર
લાજ રાખો પરવર હરદમ મુજની—દાતા મુજની

૨૮

રાગ એકદીન એજહાંસે

નેકી કરલે એ જહાંમે સાથ તેરી આએગી
નેકી આગે આએગી સાથ કુચ્છ ન જાએગી
જગમે કયા તુ લાયાથા ઔર સાથ કયા લેજાએગા
શુરૂ ભકિત કરલે બંદે સંકટ સબ ટલજાએગી
દેખા કોઈ લાચારકો દુઃખ ઉનકા મીટાએગા
નાવ તેરી તરલે જગમે સુખસંપતતું પાએગી
કાયા જુઠી જાનલે માયા જુઠાં માનલે
જાનલે ઓ ખાકી ઈનશાંન જાંન ફનાં હોજાએગી

૨૯

રાગ કીરેદીગાર તેરેનીસાર

સરજનહાર જગ કીરતાર કુલ આલમકાતુ હએ પાલનહાર
સબકાયારતું હએ દાતાર
તેરી ખુબીકા નહી હએ પાર
કરૂં કુરબાંન જાનનીસાર તું કરીમ તું રહીમ
સબકા હએ તુજપે ઇતબાર
યા પરવર દીગાર

૩૦

રાગ દેખુંગી પ્યારેઅબબાકા મુખડા

કરલે યાદતું ખુદાકી ગ્યાની
જુઠી હુએએ જુઠી હુએએ જુઠી હુએએ જીંદગાની–કરલે
ન સાથ લાયા ન કોઇ લેજાએગા
નેકી કરલે તરલે ભાઈ એ જુઠી જહાંમે
નેકી જહાંમે રહેગી આખીર
સબ હુએ પૂાંની હુએએ કહાંની
આખીર હુએ ફાંની તેરી જવાની—કરલે

૩૧

રાગ આલમમે હય ખુબી સારી પૈસાની

જગમાં છે ખુબી ન્યારી પઈસાની
ઈજજત આબરૂ માન અકરાંમ સઉ છે પઇસાની
ખુશામતની બલીહારી છે પઈસાની
જાં જોસોતાં મારામારી પઇસાની
પઈસાનો છે કારોબાર ભમતા ફરે હારોહાર
ન સમજે કોઈ એનો સાર એ છે ખુબી પઈસાની
પઇસાપર સઉ લલચાએ કોઇ મલકાએ કોઇ હરખાએ
કોઈ જીવ જાએ બીક બતાવે પઈસાની
પઇસાની ખુબી ન્યારી કોઇના ઘોડા કોઇની ગાડી
કોઈના બાગતો કોઇની વારી વાહરે ખુબી પઈસાની
પઇસાના છે મીત્રોભાઇ પઇસાથી છે સઉ સગાઈ
વાહ બલીહારી ખુબી તારી પઇસાની–જાંજોશોતાં મારામારી પઇસાની

૩૨

ખુદાકો યાદકર હોગા સુખી સંસાર

રામ ભજનતુ કરલે બંદે તરલે ભવ સંઉસાર
જુઠી જહાંમે ન કોઈ અપના ખોટા હુએ સપનાં
છોડ જાએગા બહન ભાઈ કાંહા રહેગી એ સગાઈ
ન કોઇ સાથી નહુએ સંગાથી જુઠા હુએ કારોબાર
મનકી મનમે રહેગી ભાઇ કોન પીતા કોન માઈ

૩૩

રાગ આસાએોની દુનીયા જુથીજાંન

ઉમીદોંકી જહાં એ જુઠી જાંન
જુઠા જગ બહેવાર હએભાઇ હએ એ રબકી શાંન
મેરા મેરા મતકર ભાઈ છોડ એ જુઠી આશ
ભજન કરલે ભગવાનકાતું ન રહે જગમે ઉદાસ
ચાહે બુરાતું કીસીકા મનમે આખીર હોગા ખ્વાર
જુઠી જહાંમે નેકી કરલે હોગા બેડાપાર
જુઠી હએએ જીંદગાંની આખીર હએ ફાંની
થોડે દીનકી હએ એ કહાંની ખુદાકો ભજલે ગ્યાની

૩૪

રાગ કરસેતેભરસે

સખી સઉ કરશોતે ભરશે જગશુ કહેશે
પાપ કરી જુઠી જગમાંથી શુંલેશે
જેવું કરશે તેવું ભરશે પાપીયો કદી નહી થરશે
જુઠી માયાએોમાં મરસે
કરી યાદ ખુદાથી ડરસે
ભવભવ સાગરથી તરસે
પરવરની મેહર સદા રહેસે

૩૫

રાગ નહી ચીજ કોઇ ગલી

નથી ચીજ કોઈ ભલી ગરજ વીન
નથી ચીજ કોઈ ભલી
જશે દુ:ખ સઉ તલી ગરજવાંન નથી ચીજ કોઈ ભલી
ગરજ હોસે જરભી ખોસે પાપ સવાબ નહી તે કદી જોસે
નમી સરવને ઉમંગમાં રહેસે જાસે દુ:ખ સઉ તલી
મતલબની છે દુનીયાં ભાઈ મતલબમાં સદા જગ સમાઈ
મતલબ જગમાં સઉને વાહલી ગરજ સઉને ગલી—ગરજસમ

૩૬

રાગ ઈસતનધનકી

ઇસ જુઠી જહાંમે ન કર બડાઈ
છોડ બુરાઇ ઔર કરલે ભલાઈ
નકર તેરા નકર મેરા છોડ સબહીકો ઔર કર સફલ ફેરા
ચાહે કીસીકા ગર તુ બુરા વોહ બુરાઈ હુએ તેરી ભાઈ
મનકી મનમે રહે જાએગી ભજલે ભગવાનકો છોડ અપની પરાઈ

૩૭

રાગ ધર ધીર સજની

ધીરજ બીના કોઇ તેરે કાંમ ન આવે
સંકટ તારે દુ:ખ ઉગારે
ધીરજ સબમે કાંમ આવે
સુભ ઔર અશુભ કર્મ પુર્વકે લીખા હુવાસો હોનેવાલે
ધીરજસે હરદમ સફળ સુખ પાવે

૩૮

રાગ સબ મીલ એક દીલ

આવો બહેનો સઉ ગાવો મલી નવરોઝ મુબારક આજ
કરીયે સરવે સઉ સાથ મલી સુભ ખુશખુસાલી આજ
પરવરની યાદ જો કરસો બહેની તરસો ભવ સંસાર
ચાલો પૂરીયે હરીયે નમીયે છે ખુશ ખુસાલી આજ

૩૯

રાગ હુતો અહુરાની ડાલી

કરો નેકીના સદા કામ સજની જગમાં રહે સુભ નાંમ
જગમાં રહે સુભ નાંમ સજની કરીલે સદા સુભ કાંમ
તનમનધન સઉ અરપન કરીને ધરજો સદા દુ:ખની દાજ
ધનદોલત કંઇ સાથ ન આવે નેકી સદા સુભ ધાંમ
માતપીતાની સેવા કરજો મલસે જગતમાં માંન
ધર્મદાનનુ પુન્ય કરોતો બેઉ જગ આરામ

૪૦

રાગ નેકોકા અજાંમ નેક

કરલે નેકીકા તું કાંમ બંદે જગમે રહે તેરા નાંમ
તનમન ધનકો દાન કરકે બચાવ દુઃખીકો તુ હરદમ
ધનદૌલત કછુ સાથ ન આવે નેકી આવે સબ કાંમ
માતપીતાકી સેવા કરલે જુઠી જહાંકો જાંન
ધર્મદાંનકો હાંસીલ કરલે દોનો જગ આરાંમ
બંદે જગમે રહે તેરા નાંમ

૪૧

રાગ દેખોયારો કયા જખમારા

જગમાં સારી છે બલીહારી પઇસાની છે ભારી
પઈસાથી સઉ ઇજ્જત આબરૂ પઇસે છે ખુવારી
પઈસાથી છે જગમાં હરદમ લેહેર સદાની ભારી
પઇસાથી સઉ ભમતા ફરે કરસે તાબેદારી
પઇસાથી છે યારી છે કોઈના ઘોડાગાડી
કોઈના છે બાગો વાડી કોઈની મોતર ગાડી
પઈસાપર સઉ જાએ વારી કોઈ હલકો ભારી
પઇસા પઈસા જગમાં તારી સરદારી છે ભારી
કોઈ મરસે કોઇ ટરસે કરસે પાપો ભારી
ખુદા તારી લીલા જગમાં સું કહું વીસતારી

૪૨

રાગ યું જુલ્મ ન કર જાલીમ

ઓ પરવર મેહર કરતું મુજપર ભરૂસો છે હરદમ તુજપર
કરજે રહેમ સદાતુ મુજપર ભરૂસો છે જગતનો તુજપર
કરજે કુલ દુનીયાંની યારી સુખ આપી દુઃખનીવારી
દુઃખમાં મદદ તારી આભારી છું ઓ દાતારી
ચાહેતો મુજને મારે ચાહેતો મુજને તારે
ચાહેતું પાર ઉતારે કરજે કરમ મુજપર

૪૩

રાગ ધર ધીર ધીર ધીર જરા

ધરો ધીર ધરો ધીર ધરો ધીર જરા તમ મનમાં પરવરથી ડરી
જોસો હરદમ શુભ ઘડી જસે ભવ આપાર તરી હરદમ હરઘડી
ધીરજવીન થાસે હાન ધીર મોહતી જગમાં જાંન
અરે માંન અનજાંન નાથા બેધ્યાન
ધીરજનુ ફળ સદા મોહટુ છે જાંન અરેજરી

૪૪

રાગ થયાછોરી પતી તેજપ્યારી

નથી જગતમાંસાર સજની નથી જગતમાંસાર
રબની યાદ તું કર આ જગમાં ઉતરસે ભવપાર
કરો ભકતી નીત કરીલે આપે સકતી મન થરીલે
છોડ ગુમાન અરે છેતું અનજાન નથી ટુંક જીવતરમાં સાર
બુરાઇ તજી ભલાઇ કરીલે જીંદગીમાં સઉ નરનાર
હરઘડી ખુદાનાંમ મુંખેધરી હરધાંમ
સદા ઉમંગમાં રહો હરવાર

૪૫

રાગ નાહેનાજાના સાજનાંમન

નકરતુ મેરામેરારે એ જુઠી જહાંમે કોઇ નહી તેરા
અરેભાઈ કયું રહે ઘેરા કરલે જનમ સફળ ફેરા
ભલા કરલે હરકો હરલે ગ્યાંની
જગફાંની જુઠીજાંની એ હય કહાંની માનલે

૪૬

રાગ રચા પ્રભુ તુંને બ્રમાંડ સારા

રબતારી બલીહારી આ જગમાં હરદમ ન્યારી
ખુબી તારી ભારી જગતમાં છે તુજની સરદારી
તું છે કુલ જગતનો બાપ ભકિત કરવા તુજ શકિત આપ
આપજે યારી જગતને સારી જાવું હું વારીવારી

૪૭

રાગ પ્રીત કરવી છે સહેલ ઘની

હાં જગપરવરની યાદ કરેતો સુખી રહે સંસાર
સુખી રહે સસાર સખી ખુશી રહે હરવાર
ધનદૌલતપર નાં ઈટરાતુ રહયુ નથી રહેસે
પાલનહારની યાદ કરેતો તરે સદા ભવપાર
ક્રોધ કપટને લોભ મોહને તજો સદા હરવાર
આખર છે આ ફાંની જગમાં રહસે સદા લાચાર

૪૮

રાગ તપ કરનાં અબ જંગલ જાએ

રબસે ડરનાં એ જુઠી જહાંમે જોહો તરનાં
નેકી હરદમ જગમે કરનાં એ જુઠી જહામે જોહોતરનાં
દેનાં નહીતું રંજ કીસીકો મતલબસે તુ ડરના
રખ દીલકો પાક કરકે યાદ કર દાતારકી
આજ હયે ઐાર કલ નહીએ જીંદગી હરબારકી
ઘડી ઘડી સુખ પાવે નહીનર કાંમ સપૂળ સબ કરનાં
ભલા કરલે ફાંની જગમે દુનીયાં હએ દો દીનકી
રખ ભરૂસા મતતું જગમે ખબર નહી એક પલકી
નેકી હરદમ જગમે કરનાં એ જુઠી જહાંમે જોહો ટરનાં

૪૯

રાગ ગુન ભરી ધુનમોરી

રબ તારી છે સરદારી જગમાં ભારી
કરૂં હરદમ હર ઘડી યાદ તુજની
રાખી લાજ મુજની તુજ આપી યારી—રબતારી
મેહર સદાતુ હમપર કરજે ડુબતી હોડી પાર ઉતારજે
બેઉ જગતનો છે તું દાતા
રહેમ છે તુજની ભારી—રબતારી

૫૦

રાગ પાકજાદ પરવર

પાક યઝદાંન નમુંહું હરવાર
તુજનું લઇ નાંમ જબાંપર
ભજીએ હરદમ હરઘડી—પાક યઝદાંન
સરજનહાર તું દાતાર
તું છે જગતનો કુલ આધાર
આધાર છે તુજનો દાદાર—પાક યઝદાંન

૫૧

રાગ સુંદર સામલીઆ

રાહબરતું પરવર આપજે મુજને યારી
કરી તુંજ મેહર જગપર કીરતી છે તારી ભારી
આપજેતું હરપલ યારી
જગતભારી તુજપરવારી
સુખ આપી દુ:ખ નીવારી
કરજો રહેમ મુજપર ભારી
જાવુ હું હરસમવારી—રાહબર
દુ:ખીનોતું દાદ લેનારો
ગેબી મદદનો કરનારો
કુલ આલમનોતું પાલનહારો
કીરતી તુજ આશકારી—રાહબર

૫૨

કોઇ રબકી મરજી કયાજાને

સુખીયાં દુ:ખીયાને શું જાને સઉ મોજ મજા તેની જાને
દુ:ખીની દાદ દુ:ખી જાને યા ગેબી સરજનહાર જાને
સુખીને છે જગ શું પરવા દુખીની દાદલે શુંકરવા
સુખી સમજે હરદમ તરવા
દુ:ખી માંગે હરસમ મરવા
દુ:ખીની વાત ન સુખી માને સુખીયા વાત સુખી જાને

૫૩

રાગ નમુ છું એ પરવર તુજની પનાહમાં

નમું છું એ દાદઘર તુજની દરગાહમાં
આપજે મદદતું છું તુજની પનાહમાં--નમું છું
મેલવી મુજ પ્યારાને આપજે એ દાતા
રીબુચહું જુદાઈ તેઓની તાતા
દુ:ખીનો દાદનો છે કુલ જગનો માલીક
ઉમાદો છે મુજની પુરી કરજો દાદાર
દુ:ખીયાં લાચારને આપજેતું યારી
પનાહમાં છું તારી અરજ સુન એ ત્રાતા—નમુછું

૫૪

રાગ જનમનાં લેખ લખાણો હોય

મલશે જગમાં તુજને યારી ગુમાંની છોડ અરે તારી
જીંદગી ફાંની છે તારી ખુદાની ખુબી છે ન્યારી
ક્રોધને લોભના સાથી મેલવશે માન અરે કયાંથી
જવાનો આવીયો જયાંથી ગરૂરી છોડ અરે તારી
ભરૂસો જગનો ના કરતું સદા સંસાર જુઠો છે
મનનુ રહી જસે મનમાં પરવરની માંગીલેયારી
ખુદાની ખુબી છે ભારી જગતનો છે એ સરજનહાર
કરીલે ભલાઇ આ જગમાં ફતેહ છે હરસમતારી

૫૫

રાગ સુક્રહએ પહેલે મહોબત કમકી

ભુલ ગયેહો યા રબતું મુજકો મય રહા લાચાર
દાવરરે સુખન મોરા માંન
તનમન જાંન સબહી કરૂં વાર
રંજ મનમે કયું કર કીનો ભજે તુમેહ મય સારીદીનો
કરમકર મુજપે તેરા અએ રહેમી દાતાર
હાંહાંરે મોહે ડુબતા ટાર—ભુલગયેહો

૫૬

રાગ ગજરા બેચનવાલી

અરે નથી જગતમાંસાર સજનીઓમારી
જીુદી જગતની પ્રીત નઠારી બદીથી થસે ખુવારી
નેકી સારી નીતી ભારી—સજનીયોમારી
ફુલ જગતમાં નેકી છે સારી જગમાં છે આસકારી
રબતારી લીલાભારી—સજનીઓમારી

૫૭

રાગ સર નમાવી આસીસ ચાહો

કરો બંદગી હરદમ પરવરની આસીસ છે સદા
રહજો નેકી નીતીમાં લઈ રબનું નાંમ સદા
રાખી સદા ગરીબપર મયા
પાલનહારની રહેસે દયા
કરજે બંદગી હરદમ તારી
પરવરની મેહર છે તુજપર ભારી
કરજો નેક કાંમ અનેક ફાંની જગતનાં લખીયા લેખ
મીટાવે નહી ખુદા

૫૮

રાગ દાતા તેરે દરશન

દાતાર જગમે બલીહારી તારી ભારી
પુરીકર ઉંમીદો હમારી
આશાન કરજે મુશકીલો હમારી
દુ:ખની દાદતું લેજે દાતારી—દાતાર
કીરતી તુજની જગમાં છે આશકાર
ડુબતી નાવ તું હરવાર પાર ઉતાર
પનાહમાં છું દયાલું બાપ તારી
કરજે સદા મેહર તુજની ભારી

૫૯

રાગ ઉમાપતી નમુ નમુ

જુઠી છે આ જગની માયા
રાખો હરદમ દીલમાં દયા
કરો નીત ભક્તિ ખુદાની રહેસે તમપર માયા છાયા
રાખો દીલમાં મેહેર માયા
દુ:ખીની લેવ દાદ દયા
અમર છે નાંમ ખુદાનું જુઠી જાંન કાયામાયા

૬૦

રાગ કાયા કાચોકુંભ છે

જુઠી કાયા જગની માયા જુઠા હુએ કારોબાર
જુઠી જગતકી પ્રીતપે ન રખના ઇટબાર
ન કર અભીમાંન કભી એક દીન આખીર જાના સભી
લાયા કોઇ જગમે ન સાથ લેજાએગા કભી
કરલે યાદ રાંમકી બંદે બેડા હોગા તેરા પાર
ઉસ માલીકકો ભુલ ગયે તો આખીર હોગા ખ્વાર
નેકોકા નેક અનજાંમ બદીકા બુરા હુએ ધાંમ
ભજો હરદમ ભગવતકો દોનો જગ આરાંમ

૬૧

રાગ પીલીપીલી મંગોટીલે

સખીયો માનો તમે નથી કાંઈ જગતમાં સાર
જુઠો છે આ જગનો સંસાર બહેનીયો માનો હરવાર
જુઠી છે આ જગનીમાયા જુઠો છે આ હરસમ સંસાર
ના રાખો તમે ઇતબાર નહી કાંઈ જગતમાં સાર
લાયા કોઈ જગમાં ન સાઠ લઈ જસે કોઈ ન સંગાઠ
ખાલી હાઠે જસો નરનાર નથી કાંઈ જગતમાં સાર
પાલનહાર છે જગનો દાતાર રાખો સદા તેપર ઇતબાર
મેહર રહેસે તમપર હરવાર
નથી કાંઈ જગતમાં સાર—સખીયો માનો તમે

૬૨

રાગ મનમનમાં ફેર ઘનાં

રબનુ નામ ભજો તમે હરદમ સખીયો
ન થશો જગમાં લાચાર
ક્રોધ કપટથી ડરજો હરદમ ભલાઇ આપસે યારી હરસમ
કરજો જગમાં શુભ કાંમ સજની
રાખી હરદમ નેકી સારી રાહબર આપસે તમને યારી
હાં ખુશ રહો જગમાં સદા હરવાર

૬૩

રાગ કરગોર ઘરહયદાનાં

જગમાં ખુબી તારી ભારી પરવરતું હરદમ આપજે મુજને યારી
કીરતી તુજની જગમાં ભારી
જગ તુજપર જાએ બલીહારી રાખી નીતી નેકી સારી

(સેઅર)

પરવરનો હાથ છે ઈનશાંપર તેને કોન મારે
પરવરની મેહર છે ઈનશાંપર તેને હરસમ ટારે
પરવરજો ચાહે તેને મારે કોન ઉગારે
કહે ફીરોજ રબની સકતી છે જગમાં ભારે
કીરતી તુજની જગમાં ભારી જગ તુજપર જાએ વારીવારી
કરજો જગમાં શુંભ વીચારી—પરવરતુ હરદમ

૬૪

રાગ કહે રહાં હય આસમાં

છોડ ગરૂર મગરૂર ઇનશાંન જીંદગી ખાકી જાંન
પલમાં ઠસે ધુલધાની માન અરે અનજાંન
પરવરની દરગાહમાં હરસમ તું એક રજ છે
ઉડસે એક પુંકમાંતું ના કર અભીમાંન
હસતી તુજની પૂાંની છે ચાર દીનની જીંદગાંની છે
રાહબરની તુ યાદ કર કર હરદમ અરે ઈનશાંન

૬૫

રાગ સાહેબાસલુણા

માબાપની સેવા સદા કરજો સજની
ફરજો તમારી સદા પૂરજો તમારી સદા કરજો હરદમ
હરવાર સજની કરજો હરદમ હરવાર
સેવા માબાપની કરી લેજો આશીસ સદા
રહેજો નેકી નીતીમાં સજની
રહેજો નેકી નીતીમાં બહેની મારી રહજો નેકી નીતીમાં સજની
હરઘડી ચીતમન રબપર ધરજો કરજો રૂદાં કાંમ સજની
કરજો રૂદાં કાંમ સજની મારી કરજો રૂદાં કાંમ સજની
જુઠી છે કાયા જુઠી છે માયા જુઠો કારોબાર સજની
જુથો કારોબાર સજની મારી જુઠો કારોબાર સજની
નેકીમાં હરદમ આપશે યારી
ફતેહ છે હરસમ હરવાર તમારી
કહે ફીરોજ જગમાં નેકી છે ભારી–માબાપની

૬૬

રાગ બંદએપરવરકી બલબરતર

કરો બંદગી રબની સજની બે દીનની જીંદગાંની છે
સખી બે દીનની મેએમાંની છે
પાલનહારની યાદ નહી કરો તો જીંદગી આ ધુલધાની છે
કરો શુભ કાંમ સજનીયો હરદમ તમો હાથ
રૂદાં કરો કરો બહેની આવસે તમ સંગાથ
લાયા કાંઇ ન જગમાં સાઠે જવુ ખાલી હાથ
કરો શુભ કાંમ સજનીયો હરદમ તમો હાથ—કરો બંદગી

૬૭

રાગ જાગતાનર સેવીએ

ભલાઈ કરલે જગમે બંદે માલીકકાતું પ્યારા હોગા
સુનલે નેકોંકા અનજાંમ નેક હોગા
પથ્થર પુંજે હરી મીલે તુમ પુંજો સારા પહાડ
ઉસ પથ્થર સે ચકી ભલી હુએ પીસ ખાએ સંસાર ભાઈ
હરી ભજનતુ કરલે બંદે તરલે ભવ સંઉસાર
ઉસ માલીકકો ભુલ ગયે તો આખીર હોગા ખ્વાર ભાઈ

૬૮

રાગ કયા તુજે હાલ અપનાં સુનાંનાં

જગમે મતકરતું મેરામેરા ય્હાંપે કોઈ નહી હુએ તેરા
મત રહે માયામેતું ઘેરા હોગા નહી સફળ તેરા ફેરા
લાયાથા કયા તુ જગમે તેરા કયું કહેતા હય એ સબ મેરા
આયા જમકાજો તુજપે ઘેરા ય્હાંપે કોઈ નહી હુએ તેરા
ભલા કરલે ઈસ જુથી જહાંમે નેકી આએગી તેરી રાહમે
ભલા કરલે ભલા હોગા તેરા ય્હાંપે કોઈ નહી હુએ તેરા

૬૯

રાગ ભાઈ મતકર મેરામેરા

જગમાં નાકરતું મારૂં મારૂંરે સદા રહેસે નહી કોઈ તારૂં
જો વાગસે જમનુ નગારૂંરે તારે થસે બહુએ અકારૂ
ફાંની જગમાં તજીદે બુરાઈ બુરાઈ છોડી કરીલે ભલાઈ
કરીલે ભલાઈ જુઠી જગમાં રહયું નથી રહેવાનુરે
પાપી જગતમાં પાપોતુ કરશે જઈ દોજખનાં ધાંમ આખીર પડશે
કરીલે યાદી ખુદાની માનવ મલસે જગમાં સુખ સારૂંરે
સદા રહેસે નહી કોઈ તારૂ—જગમાં"નકરતુ

૭૦

રાગ દુનીયાસારી સમજો જુઠી

દુનીયા સઘલી છે જુઠી જુઠો છે સંસાર
માયા જુઠી મતલબ જુઠી જુઠો જગ કારોબાર
ધન દૌલતને જોર જુવાની આખરએ જવાંનીરે
રહી નથી ન રહસે હરદમ જીંદગી સદા તારીરે
સુખમાંતું પુલતો નાનર કાલ કેવી જવાનીરે
રબની યાદતુ કરજે હરવાર જીંદગી સફલ છે તારી

૭૧

રાગ રબપર જીગરની આશા ધરી

દાદાર તુજપર તનમનની આશા ધરી
ધર ચીત અહુરપર ધર ધીર હરવાર
ચયન મલે સખી ભવ સંસાર ટરી—દાદાર
રાખી જીગર સાંત નાથા અધીર
હરદમ હરપલ ધર સખી ધીર
પ્રાણુ મલે ચએન તલે દુ:ખ રએન
રબપર ધ્યાન ધર હરસમ ધર ધીર—દાદાર

૭૨

રાગ હંસારાજા નકર મેરા

સુન ભાઇ એ પીંજરા નહી હુએ તેરા
કયું તું કહેતા હુએ મેરા મેરા
ભાઇઓ પીંજરા નહી હુએ તેરા
આજ કરનાં અબ કરલે ન રખ કલકી આસ
કલકીતો કુચ્છ ખબર નહી આખીર રહે ઉદાસ
ભાઇ માયામે હુએતું ઘેરા—સુન ભાઈ
ન રહી માત ન રહા પીતા જુઠા હુએ કારોબાર
જોરૂ લરકા છોડ જાવેગા આખીર તું લાચાર
ભાઇ જહામે નહી કોઈ તેરા—સુનભાઇ

૭૩

રાગ આભારીઓ દાતા

નમું છુ ઓ દાદઘર તુજની પનાહમાં
મુજની ઉમીદ છે તારી દરગાહમાં—નમુ છુ
રંકને રાયનો તું એક છે દાતા
પાર ઉતારજે કુલ જગતને ત્રાતા
રબ તુજની સારી બલીહારી છે ભારી
મુશકીલો આશાંન તુ કરજે હમારી—નમુ છુ

૭૪

રાગ મજાહ દ્દેતેહએકયા

ન ભુલો હરીકા નામ આખીર જાના હરીકે ધાંમ
કરલો ભલા કુચ્છ કાંમ આખીર જાના હરીકે ધાંમ
દો દીનકાતું હએ મુસાફીર રખમત ભરૂસા ઇસ જગપર
કલ કરનાસો આજ કરલે હોગા સફલ તેરા કાંમ
આખીર જાના હરીકે ધાંમ—નભુલો હરીકા
તનકો પાક કર મનકો સાફ કર કરલે ધનકા દાન
કહે ફીરોજ આ જુઠી જહાંમે નેકી આવે કામ
આખીર જાના હરીકો ધામ—નભુલો હરીકા

૭૫

રાગ રબકીસાંન ઐારહએ

રબનીશાન ન્યારી ન્યારી બલીહારી
તારી કાંહની ઘરઘર માંની જાંની હરવાર
હર ઘડી સારી ભારી લીલા તારી—રબની શાંન
જુઠી જગતમાં એ કાંમ કરવું નેકીને બદીપર ધ્યાન ધરવુ
ક્રોધ કાંમથી હરવાર ડરવું
હવસ કપટથી છે ભરપુર જગમાં હરસમ છે ચકચુર
પરવર તારી ખુબી ન્યારી છે સારી—રબનીશાંન

૭૬

રાગ હએ જહાંમે દુઃખીયારે

જ્યાં જોશો ત્યાં દુઃખીયાંરે નથી કોઇ હયાં સુખીયાંરે
બાએ જુઠી માયામાં સાર નથી સદા
છે રાય દુઃખીયા રંકભી જગમાં દુઃખીયાં
દુઃખીયાં છે હરઘરમાં નથી સુખ ક્યાંની સંસારમાં
સુખ છે જગ એક પલનુરે
દુઃખ છે સદા તનમનનુરે
જેમાને દુઃખમાં સુખ તે આ જગ સુખીયાં—જોસો જેને તે દુઃખીયા

૭૭

રાગ દાવરદાદાર

કરવું નેક કાંમ અનેક હરધાંમ હરદમ હરવાર
કરજો સદા શુભ કાંમ સજની મારી
દાદારની મેહર છે ભારી સમજો સઉ નરનારી
માલીકનાં ગુન ગાવો હરઘડી સદા નરનાર

૭૮

રાગ નેકી છે સારી જગમાં સજની

પુલ લેવોરે રસીલાં નાજુક પુલ લેવોરે
આએ પુલનાં નથી મુલ સજની પુલ લેવોરે
પુલ લેવોરે પમરતાં નાજુક પુલ લેવોરે
હું તો આપુછું પ્રેમથી બહેની સદા પુલ લેવોરે
પુલ લેજોરે સજની ચંબેલી ગુલછરી પુલ લેવોરે
પુલના બનાવું સુંદર બતનો સખીયો પુલ લેવોરે

૭૯

રાગ તુ કરીમ તુ રહીમ

તું દાતાર તું કીરતાર મેહર તારી જગ અશકાર
નીરનજંન તું નીરાકાર રાખી હરદમ તુંજપર આધાર
કુલ જગતનો તું દયાલુ દાતા
ચાહે માર ચાહે તાર—તુંદાતાર

૮૦

રાગ કાહુ કીસીસે દીલ ન દીજે

સમજ સખી કોઇને આશ ન આપીયે
આશજો આપીયે તો પુરન કરીયે
આશ આપી સખી ફરીન જઇયે
આશજો આપીયે પુરન કરીયે
કોઈની વાત સખી કબુ ન સમજીયે
સમજીને સઉનું મનમાં રાખીયે
હરદમ જગમાં ભલાઇ કરીયે
થોડા દીનની જગછે બુરાઇ ન કરીયે

૮૧

રાગ સરસ વાત સમજાવુરે

સખી વાત શુભ સમજાવુરે સમજો સજની
ધરી ધ્યાન સમજો સઉ બહેનીરે સમજો સજની
કોઈ મલે છે શુભ કાંમ કરવા
આ જગથી સદા પાર ઉતરવા
સુખ સાગરથી સઉ તરવારે સમજો સજની
કોઇ સારો મારગ ધરવા
હરસમ મનને વસ કરવા
સંસારથી સદા તરવારે સમજો સજની—સખીવાત

૮૨

રાગ પ્યારા હમારા તું હમેદે

સરતાજ કરમ આજ કરજે મુજપર
છું હું તુજની દાસ
હરઘડી હરપળ યાદી છે તુજની જયાંલગી સ્વાસો સ્વાસ
કરમ ધરમમાં મદદ તુજની રાખી સદા હું આશ—સરતાજ
વાલીબીતું છે જગવાલીબીતું છે
તું છે જગતનો બાપ
આપજે તુજની હરદમયારી માગુ પનાહ તુજપાસ—સરતાજ

૮૩

રાગ જુદી તારીફ હએ કબ કીસને પરસતાં દેખા

જગ ફાંની છે ઓમાનવ તુજની જીંદગાંની
નથી રહી રહેવાની આખીર થસે ધુલધાની
ધર્મનેતું માની લેજે ઘડીપલની છે મએમાની
રહેસે નહી દોર દમામ આખીર તારી જોર જુવાંની
અહુરાની માગજે યારી પુરી કરસે આસ તારી
કહે **ફીરોજ** આ ખાકી જગમાં
માંગો પનાહ પાક યઝદાંની—જગફાંની છે

૮૪

રાગ આંખવીના અંધારૂરે સદારે મારે

દુ:ખીયાંની દાદનો રાહબરતું પરવર
સદાતુ લેજે દુ:ખીયાની દાદ ઓરાહબર
દુ:ખીપર છે તુજની છાયા હરદમ છે તુજની માયા
લીલાતારી જગમાં ભારી દાદઘર દાવર—સદા તુકરજે
મહાં દયાલુ જગદાતા દુ:ખીનો તું છે માતપીતા
દુ:ખીયાની દાદનો તું છે સરજનહાર
સદા તું લેજે દુ:ખીયાની દાદ ઓરાહબર—દુ:ખીયારી

૮૫

રાગ સહાય થજો મોરારીરે

પ્રભુ સહાય થજે તું મારીરે જાવુ તુજપર વારી વારી
ગુલેગુલજાર છે પુરબહાર છે
ખુબી જગમાં તુજની ભારી
સકટ તારી પ્રભુ આપજે યારી
કરૂં નીત્ય ભકિત હુ તારી
દુ:ખીયોની દાદતુ લેજે સુકહુ વાત વીસતારી

૮૬

રાગ કરલે યાદ ખુદાકી હરદમ પ્યારે

હરી ભજનકર નીત ઉઠ પ્યારે
સકલ જગતકા પાલનહારે
દુર કરે દુઃખ સંકત નીવારે
ભજન બીના નહી રહેના પ્યારે
હરહર કરો તુમ સબકો ટારે—હરીભજન

૮૭

રાગ ચાલો સાહેલી

ચાલો સજનીયો સઉ મલીને આતસને આજે નમીયે
ધર્મ દાનનુ પુન્ય કરીને પાપોથી પાર ઉતરીયે
પ્રીતને ચીતથી બંદગી કરીયે તો સંસાર સાગરઠી તરીયે
અગર સુખડની માંચી ચહડાવી બહેની હરદમ મન ઠરીયે
તનને મનથી મનમાં ખંતથી આતસ પાદશાહને વરીયે-ચાલો સજની

૮૮

રાગ આવો સખીયો રામનો ગુનગાઇયે

આવો સજની સરખે સરખી પરવરનો સવ ગુનગાવો
રબતુ મારો ગુની દયાલો
બલી તુજની બલીહારી છે
તું છે જગતનો દયાલુ દાતા તુજની મેહર છે હરસમ ત્રાતા
પ્રીત છે જગપર તુજનીભારી તુજપર જાવુ વારી
તુજનાં નામથી છઇયે નીરભય
ભકિત કરી રબ ગુનગાવો—આવો સજની

૮૯

રાગ યા રબતું હમેજરહે

રબતું મદદ કરજે દુઃખીની દાદ હઇદે ધરજે
કાપીં દુઃખ આપી સુખ જગતની લાજ સદા રાખજે
કરમકર મુજપર જગવાલી
સદા સંકટ દેટાલી ભારી છે તારી હરીયાલી
અરેપર જગમુશકીલ તું આશાન કરજે

૯૦

રાગ નહી આગાજો મુજસે તેરીશાંન કયાજાને

અરે પરવર તારા ભેદને કોઈ સુંજાને
તુજની શાંનને મતલબ કોઈ અનજાન સુંજાને
કોઈ અનજાંન સુંજાને કોઈ અનજાન સુંજાને—અરે
તુજનો ભેદને ભરમ કોઇ નાદાંન સુંજાને
થશેશું આજ અને અંતે તુજ સીવાયે કોન જાને
તુજ સીવાયે કોનજાને તુજ સીવાયે કોનજાને
પાપીના અંતરનાં છે ભેદ તેની પીછાન સુંજાને
ભલાભુડાની મતલબને મહા દયાલુ તુજાંને
મહા ગ્નાંની તુંજાને અરે દાતાર તુંજાને

૯૧

રાગ સુલબસબરે તુમ ગાવો હરીગુન

સુનોરે દુનીયાં મતલબકી ભાઈ
દુનીયા મતલબકી ભાઈ
સબ જગ ઇસમે સમાઇ—સુનોરે
હરી ભજનતું કરલે બંદે એ દુનીયાંસે જાનાહુએ
આના જહાસે સબકા જાના
એ દુનીયાં ખાલી તરસાના—સુનોરે

૯૨

રાગ એબહીપાયાગમ

કરી નેકી સદા હરદમ અહુરને નમ
તનમન કરી અરપન રબની યાદ ન કરતાં કમ
કરો જાંન તુજનો કુરબાંન ધરી રબ ધ્યાન
નથી સાર જગતનોજાંન થોડા દીનનાં છે મએમાંન
ફનાહ થસે આ કારોબાર નથી આધાર
આધાર તુજનો કીરતાર તુજનુ નાંમ સદા આશકાર
આપજે યારી તુજની હરવાર થજે મદદગાર
બલીહારી જગમાં આશકાર
બંદગી કરો સઉ નરનાર—કરી નેકી સદા

૯૩

રાગ બેહની મારીરે નેકી રાખજો સારી

સાહેલીરે સમજો સીખામન મારી કરો શુભ કાંમ વીચારી
ફતેહ થસે સદા તમારીરે
આજગની ખુબી છે ન્યારીરે
બહેની મારી કરજો નેકી સારી કરો શુભ કાંમ વીચારી–સાહેલી
ભુંડા કામથી ડર બહેની મારીરે
થસે જગમાં ખુવારી તારીરે
પરવરનો ડર કરજો સજની મારી કરો શુભ કાંમ વીચારી–સાહેલી
કરજો અહુરાની યાદ નરનારોરે
થસે તેથી છુતકારો તમારોરે
સખીયો મારી કરજો કાંમ હીતકારી—કરો શુભ કાંમ વીચારી
કારોબાર આ જગનો ન્યારોરે
નહી થશે બેડાપાર તમારોરે
કરજો નેક કાંમ બહેનીઓ તમે મારી
કરો શુભ કાંમ વીચારી—સાહેલીરે

૯૪

રાગ માનમાગ્યાના કરનારારે

નેકી કરલે ઇસ જગમે મુસાફીરરે
નહી હુએ ઈસ જગમે તેરા
જુઠા હુએ સારા જમાનારે
બંદે નકર તુ મેરા મેરા—નેકી કરલે
ન હુએ મેરા ન હુએ તેરા જમકા હુએ તુજપે ઘેરા
આઇ કજાપૂીર રહે ન ર્‍હાં કોઈ
જુઠી હુએ જગકી માયારે
નહી હુએ ઇસ જગમે કોઈ તેરા—નેકી કરલે
જુઠી હુએ માયા જુઠી હુએ કાયા
મીટ્ટીકા ખેલ બનાયા
છોડ એહ સબકો ભજલે ખુદાકો
ખુદાકા નાંમ જગમે પ્યારારે
નહી હુએ ઈસ જગમે તેરા—નેકી કરલે

૯૫

રાગ બહેરેખુદા દીલકો સંભાલીયે

દાતા મુજપે રહીમ હુએ તેરી
મયહું ગુનાહગાર લાજતું રખ મેરી
લાચારકો દેના ઈનસાફ નકરના ડેરી
નકોઇ હુએ મેરા ન બંદા રહે કોઇ તેરા—દાતા
દુનીયામે રહે નાંમ આશકાર તેરા
નેકીકા નેક અંજાંમ બદીકા હુય બુરા ધામ
કર મુજપે અહેશાંન મય હું તેરી ચેરી—દાતા

૯૬

રાગ મનમનનાં ફેર ઘણાં

કરીયે હરદમ હર ઘડી બહેની મારી
સેવા માબાપની કરી વીચારી
કરજો સદા બહેની સઘલાં
ના થતા હરદમ તમો સીખી નબલાં
કરજો તમો નેક સજની કાંમ અનેક
હરદમ રહેસે નાંમ પ્યારૂં જગમે રહેસે હરસમ સારૂ
હા હા હા હા હા ખુદાની છે ખુબી જગમાં આસકારી—કરીયે

૯૭

રાગ ખાજા લેનાં ખબરીયાં હમારીરે

આવો આવો હરઆવો બહેની મારીરે
ગાવો ગાવો ખુશ થઈ સજની મારીરે
કરજો નેક કાંમ સદા જગમાં અનેક
નાંમ સારૂ હરદમ પ્યારૂં ખુદાનું છે એક
નમો નમો પરવરને સજની મારીરે—આવો આવો
નીરધનનો આધાર ગરીબોનો મદદગાર
પરવર તારૂં નાંમ છે જગમાં સદા આશકાર
નાંમ પ્યારૂ ખુદાનું સખી મારીરે—આવો આવો

૯૮

રાગ ભલે પધારીયા તમે

શુભ સમએ પધારીયા તમે
ઉપકાર હમપર આજ કરી કરજો મેહર હમપર ખરી
દાઝ રૂડી હૈડે ધરી ફરી પધારજો તમે--સુભ સમયે
શુભ ઇચ્છીયે તમને સદા હમ બાળકો ફર્જે સદા કરસું અદા
હર ઘડી કરશું સેવા ફીરોજ આશીસ લેવા
દુવા કરીયે સઉ સજની હરસમ હર ઘડી—પધારજો

૯૯

રાગ આશાંન હમારી મુશકીલો હરવાર તું કરજો

મુશકીલ તુ કરનાં આશાન યા ઈલાહી તું મેરી
દીન દુનીયાંમે હએ મદદ હરદમ હરઘડી તેરી—મુશકીલ
નીરધનકો આધાર ગરીબોકો તું નીવાર
સુખ દેના હરદમ દાતા દુઃખ કાટ તું મેરી—મુશકીલ
ગુન અવગુન તુમ સબકા જાનો સબ જાંનો દીલકી બાત
હરવખ્ત ખબર લીજો મેરી તુ સાંજ સવેરી—મુશકીલ
યા ઈલાહી બક્ષ તું મુંજે કરમ ધરમ તેરી
પાર ઉતાર હરદમ પરવર નાવ તું મેરી—મુશકીલ

૧૦૦

રાગ અરે તું પવનકે પંખી

સમજ તું મુસાફૂર માનવ કર પરવરપર સબર
જાહેરમાં છે ભીતરમાં છે નાંમ સદા છે અમર
લેજે નાંમ તું હરદમ રબનુ કાલની કોનને ખબર
કરો નેક કાંમ સદા જગમાં
ફૂનાહ થશે આ જીંદગી પલમાં
દયા રાખો સદા તનમનમાં
મનનું રહેસે આખીર મનમાં
હરીને હરીલે જગઠી ટરીલે તરીલે ભવસંસાર
જગમાં ગુમાવીયો જનમ જેને ભજ્યો નહી પરવર

૧૦૧

રાગ દુનીયાં મતલબકી ગરજી

દુનીયાં મતલબની સજની
ભરોસો નાં રાખો હરવાર
મતલબ હરદમ જગમાં ભારી
કરસે સેવા હરસમ તમારી મતલબ ઉતરવા પાર—ભરૂસો
હરપળ હરઘડી જુઠી સગાઈ
ભાઈથી ભાઈ કરસે ઠગાઈ
આખીર થસે તેની જગમાં રૂસવાઈ
જુઠો છે જગ કારોબાર—ભરૂસો ના રાખો હરવાર

૧૦૨

રાગ ગરજ સઉનેગલી

જગમે સબકો હુએ ગરજી અબ મુજે જાંન પડી
જબલગ મોહબત હુએ દોસતોંકી
તબલક પ્રેમ કરે
થોડીસી બાતકી ગલતી હુઈતો જગમે હોવે તેરી મેરી
અબ મુજે જાંન પડી—દુનીયાં
જબલક આએ ખીલાએ સભીકો તબતક પ્રીત કરી
ખીલાવે વાલે થક ગએ આખીર
પ્રભુકી ગરજી પડી અબ મોહે જાંનપડી—જગમે

૧૦૩

રાગ સરતાજ કરમ આજ કરજે

પ્રભુ લાજ શરમ તું રાખજે
રાખી લાજ શરમ સદા
કરશુ ફરજ અદા રાખજેરે—પ્રભુ
એ જગતનો માલીક તું છે
રહેમ સદા દાતા કરજેરે—પ્રભુ
સરજનહાર તું જગનો દાતા
દુઃખીની દયા દીલ ધરજેરે—પ્રભુ

૧૦૪

રાગ દુઃખ હરો જગરાયે

દુઃખ હરો જગ માલીક
દુઃખ કરજે દુર નાંમ પ્યારૂ અહુર
હરસમ દેજે ટાલી—જગ માલીક
દુઃખ દુર કરજે આશા પુરન કરજે
લાગુ તુજ પાયે જગના તું માલી—જગ માલીક

૧૦૫

રાગ થઇ બહેરા સાથે બહેરો

જગમાં છે પઇસાનો કારોબાર
પઇસા હોસે જેની પાસે કરસે નહીં દરકાર
પઇસાપર સઉ ભમતા ફરસે હારોહાર
પઇસા પઇસા જગમાં તું છે સઉનો જરદાર
પઇસા જગમાં છે સરદાર
દરકાર ન કરસે નરનાર
પઇસા તારી ખુબી ભારી તુજના થસે તાબેદાર
પઇસા હોસે જેની પાસે કેવાસે માલદાર
પઇસા વગર માનવનો છે ભુંડો અવતાર
પઇસા વગર હાલ હવાલી જગમાં નીરાધાર
પઇસાનો છે જગમાં સરવે સઘલો કારોબાર—પઇસા

૧૦૬

રાગ તંબાકુ મેરી મોહનીયાં

સજનીયો મારી કરો સેવા પ્રભુ કાજ
કોણુ મરસે કોણુ તરશે કોણુ કરે શુભ કાજ
પરવરથી જો ડરતાં રહો તો રહેશે જગતમાં લાજ
કરતાંનાં તમો કર્મ ભુંડા જગમાં થશો લાચાર
કર્મ રૂડાં જો કરશો જગમાં મલશે જગતમાં રાજ—સજની
કરતાંનાં અભીમાંન જગતમાં ભુંડાનું છે રાજ
ભુંડાબી નહી રહેશે જગતમાં
રહેશે સદા સરતાજ—સજનીયો મારી

૧૦૭

રાગ પ્યારની કસોટી છે દુઃખનો દીલદાર

સેવા માબાપની તમો કરજો સદા
ફરજો તમારી સદા કરજો અદા
સેવા કરી સદા લેજો હરઘડી નાંમ ખુદા—માબાપની
રહેસો ખુશી તમો હરઘડી સજની મારી
તરશો સદા ભવપાર
નેકી ને નીતીમાં ખુદાની પ્રીતીમાં
રહેજો સખી અમન ચમન સદા—માબાપની

૧૦૮

રાગ ઇસ બોતલસે જો એક જામ ચહડાવે

રામકે નામકા જો કોઇ ગુન ગાવે
મન દુઃખ જાવે સુખ પાવે—રામકો
કરની કરેસો કયું ડરે કરેસો પછતાય
બાંધી ગઠડી ધુળકી ફેર હવામે જાએ
તેરે મનકી આશા સબ પાએ
રંજન આએ સંકત જાએ જીબહેલાએ
ગમન આએ હરદમ પ્રભુજી ગુન ગાએ-મન દુઃખ જાએ

૧૦૯

રાગ નહી વચન તોડનાં લાગી લાજ

રામ મોરી લાજ તોરે હાથ જગ દાતા
દીનાંનાંથ મોહે ડુબતા તારો ઉગારો પ્રભુ તુંહી ત્રાતા—રામ
જગતકા તુ પાલનહારા તોરી માયામે જીતે જગ સારા
પ્રભુ ભજનકો ભુલત નાહી જાન પ્રાણુ સબ તુમપેવારી—રામ
તુ કરીમ તુ રહીમ દાતા તું હએ સબ જગમે
તેરા નાંમ પ્રભુ જગમે પ્યારા
કીયા કુરબાંન જાંન તુમપે વારા—રામ

૧૧૦

રાગ ખરી જે નારી તે નીતીમાં છે સારી

રબની પ્યારી જે નીતી રાખે સારી
જે નીતી રાખે સારી પરવરનો મલશે તેને યારી—રબની
નીતીમાં રહેસે જે નરનારી
જગમાં છે તેની બલીહારી
ન રહેસે કદી દુ:ખોયારીરે—જે નીતી રાખે સારી
કરો નેક કાંમ સજનીયો મારી
જગમાં ન થશો તમો લાચારી
રબની મેહર તુજપર ભારીરે—જે નીતીમાં છે સારી
પતીની સેવા તુ કરજે નારી
પતીની તુ રહેશે હરદમ પ્યારી
કુદરતની છે બલીહારીરે—જે નીતીમાં છે સારી

૧૧૧

રાગ મેરેગમકાતરાના

ફીદા કરીએ માતપીતાને માન પ્રાઆણુરે
રોકી મનચીતથી રહો સુખસંપથી સારાની સંગથી માનઅકરાઆમરે
જરના જોરનો મનના તોરનો રાખો ના એની ગરૂર
રૂથશે આખીર કોપ ખુદાનો થાશે લાચાર જરૂર
સત સચ્ચાઇનું રાખો કપટ કાઢી નાખો મન મગન રાખો બેની મારીરે-ફી
તનથી મનથી મનનાં ખતથી રાખો ગરીબપર મયા
મનથી રહેશે તમો પર બહેની પરવરદીગારની દયા
જીગરશાંત રાખો ખુદાની મહેરચાખો, દીલદયાળુ રાખો બેનીમારીરે-ફી
કાચી છે કાયા ન રાખો માયા જીવ મુસાફર પાસ
પણ દાસ કહે બહેનીઓ તમો ન રાખો કોઈની આસ
દીધી નથી અમર કોઇની જીંદગીઇ ખાસ
આપણુ નમીએ સૌને સૌ વખત જોઇને નામ ખુદાનું લઈને બે૦-ફીદા

૧૧૨

રાગ ચાહ રાખી ચીતમાં

સખીઓ તમે ચાલો સૌ સાથે
આજ સાથ મલી સૌ વાતે ભલી કરીએ ઉમંગે બહેનીઓ આપણેરે
રૂડો છે દિન આજે કરીએ સૌ મોજ સાથે
પરવરની મહેર કાજે—આજ સાથ મલી
ચાલો તમે હસતાં રમતાં રબને નમતાં ને જમતાં
નવરોજ મુબારક હોજો આજે—આજ સાથ મલી

૧૧૩

રાગ આશા મારી છે ખરી

હરી ભજન તું કરલે
હે જાન માન હરીકો તું હરલે
કાચી કાયા કાચી માયા કાચા તેરા ધ્યાન હય
બાપ પરાયા માઈ પરાઇ સબ પરાયા જાણુ લે
સુમરન તું કરલે—હે જાંન માન
આસકો છોડો માંસકો છોડો જુઠી હય દુનીઆં જાણુ લે
જબ તનપે ખાક ચહડી તો તેરા નહિ કોઈ માન લે
ધ્યાન હરીકા કરલે—હે જાંન માન

૧૧૪

રાગ મીશ્ર

દુનીઆં એક મુસાફીર ખાનું કોઈ આવે તો કોઈનું જવાનું
બહેની કોઈ આવે તો કોઇનું જવાનું
આયા ગયાં સૌ ખાલી હાથે એક પછી એક ચાલ્યાં જાશે
કરમે લખ્યું થવાનું—કોઇ આ.વે તો કોઈનું જવાનુ
કુટુંબ કબીલા અહીંના સાથી
સાથ ન આવે અંત સગાથી
રહયું નથી રહેવાનું—કોઇ આવે તો કોઈનુ જવાનુ

૧૧૫

રાગ કાયા કાચો કુંભ છે

કાયા માયા જુઠી છે જુઠો સદા સંસાર
રહયું નથી રહેશે સદા આખર છે લાચાર
સખી સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઇએ
રાખે જેવી રીતે પાલનહાર તેવી રીતે રહીએ—સખી સંસારમાં
રહી નથી રહેશે સદા જર જોર જુવાની તારી
બહેની ભજો કીરતારને તે રહેમી છે ભારી—સખી સંસારમાં
કાલ કરવું આજ કરી લે ના કર બહેની ગુમાન
નથી ખબર પળની સખી કહે ફીરોજા સત જાન-સખી સંસારમાં

૧૧૬

રાગ ખુનેજીગરકો

રામ ભજન તું કરલે બંદે હોગા બેડાપાર—હરી રામ ભજન
હોગા બેડાપાર ભલા તું તરલે ભવ સંસાર—હરી રામ ભજન
યહાં નહિ હય કોઇ તેરા કરલે જનમ સફળકા ફેરા
તું તો માયાસે હય ઘેરા—બંદે હોગા બેડાપાર
મુસાફીર હય તું પ્રાની પ્યારે
દો દીનકા હય મહેમાન સારે
તું ભજલે રામ ખુદાકો—બંદે હોગા બેડાપાર

૧૧૭

રાગ કાનુડાતારી

સખીઓ તમે આવો ગાવો મલી સૌ સાથ
ખુદાનું નામ મુખે ધરીએ
તનમન અરપણ કરીએ સૌ જણ
દીલ દાઝ હૈડે ધરીએ—સખીઓ તમે આવો
બહેનો આવો સૌ ગાવો
ખુશી થાવો મન બહેલાવો
દીલે દાઝ ધરી મન પાક કરી
ભવસાગરથી તરીએ-સખીઓ તમે આવો

જરથોસ્ટીઓનો પવિત્ર ફરજ.

જો તમો સુખડ ખરીદવામાં બેદરકારી બતાવો તો ધર્મ કીધેલોજ કેમ લેખાય!

તમારા પૈસા પુરેપુરા ગવાય એવી રીતે જો સુખડ ખરીદવું હોય તો જાણીતી

કાવસજી જામાસ્પજી અરજાંણીની

ધોબીતલાવ નાં૦ ૯૫, નવાં આતશબ્હેરાંમની બાજુમાં આવેલી દુકાંનની મુલાકાત લેશો, જ્યાં ખાત્રી પુર્વક **ખરૂં મલબારીજ સુખડ** તથા માચી, પેરીયાં, શલી, ગાંઠ, તાછો, તરેહવાર જાતનું અગર, ચાંદીનાં ભેટ આપવા લાયક રમકડાં, જાલીની પરસીશ, કાંનની કડી, ચઢઉતર ભાવની પાક ખોરદેહ અવસ્તા તેમજ કસ્તી, નારાં પાટી વીગેરે મલશે.

૧૧૮

રાગ અરે સું માનવનો અભીમાન

બહેનીઓ ના કરો તમે અભીમાન
સખાઓ ના કરો તમે અભીમાન
ખાકમાં મલી જશેરે
ખાકમાં મલી જશેરે પુંકમાં જલી જશેરે—બેહુનીઓ
ટુંક જીવતરમાં ઘડીએક શુખની હારે—નથી
પાપ કરી પસ્તાસો અંતે સાર નથી
સમજો સત સુજાન—બહેનીઓ

સએર

નાંમ તેનો નાસ છે આ તન સદાનું ફાની છે
કહે ફીરોજ આ જગમાં ચાર દીનની જીંદગાની છે—બહેનીઓ

૧૧૯

રાગ હું તુજની દાસ ભરોસે છું

આભારી ઓ દાતા, છું તુજની હું ભારી
દીલની ઉમીદ તું પુરી કર અમારી—આભારી ઓ દાતા
ઘડી ભર ફાવી સુખ પામે બદકારી
અંતે છે સાચને, અખંડ સુખકારી—આભારી ઓ દાતા
નેકી નિતોના થજો સૌ નર નારી
નમું છું ઓ પરવર પનાહમાં હું તારી—આભારી ઓ દાતા

૧૨૦

રાગ ડરમાંતુદીલશાથ છોકરા

નથી જગતમાં સાર સજની નથી જગતમાં સાર
ખુદાને યાદ કરી હરવાર
ઉતરશો સદા તમો ભવપાર—સજની નથી જગતમાં સાર
રાખો માયાળુ દીલદયાળુ
નેકી ને નીતીમાં રહેજો સદા તમે
કરજો સેવા માબાપની અદા તમે
સખી ભજીલે જો કીરતાર
સજની ભજીલે જો કીરતાર—સજની નથી જગતમાં સાર

૧૨૧

રાગ ધીમા ધીમા ચાલો મારાપ્રાંણરે

સદા નેકીમાં ધરો બહેની ધ્યાનરે
આય દુનીઆં દોરંગી છે જાનો તમે, સખી માનો તમે સતસુજાણરે-
સએર સદા નેકીમાં
સખી મન સદા નેકીમાં, કરજો સર્વ શુભ કામ
રહો ખુશી ઉમંગમાં, લઇ પરવરનું નામ
રૂડાં કામો કરી લેવ તમારે હાથે
મહેર પરવરની રહેશે સદા તમો માથે
માનો અરજ ફીરોજની લેજો નેકી સાથે સત જાણરે—સદા નેકીમાં

૧૨૨

રાગ માતા તારો પ્યાર છે મુજપર ભારી

દાતાઆ તોઓરે દર્શનકી હુ પ્યાસી
મોહે રખતે હય ઉદાસી—દાતા
લાજ શરમ મોરી તું રખ લીજે
રહેમકી નજર તોરી મુજપર કીજે—દાતા
આસ કરત હું સદા તેરી ચેરી
ફરીયાદ નહિ તું સુનતે હુએ મેરી
રખતી યાદ મય સદા તેરી દાસી—દાતા

૧૨૩

રાગ ભજી લે રામને તું ઇનશાન

આશાઓની દુનીઆ જુઠી જાન
જુઠો આ સંસાર છે બહેની સાચ કહું છું માન—આશાઓની
ખોટી છે આ જીંદગાની હસ્તી છે ફાની
થોડા દમની છે કહાંણી આસ નિરાસ સદા જાન—આશાઓની
ભલાઈ કરી ભલાની તું ન રાખજે કદી આસ
રબની આસા સદા તું કરજે પારકી આસ નિરાસ—આશાઓની
મારૂં, તારૂં મીથ્યા માંની ભજી લેને કીરતાર
સરજનહાર છે જગનો દાતા ઉતારશે ભવપાર— આશાઓની

ગ્રાંટ રોડ બોયઝ એન્ડ ગર્લ્સ સ્કુલ.

(૧) એમપાયર તેરેસ, ફોરાસ રોડ.
(૨) બ્રાંચ લકી બીલડીંગ ગીલડર લેન તારદેવ.

સ્કુલની દરેક બાબદ ઉપરાંત અંગ્રેજી ડ્રોઈંગ, ડ્રીલ, સીવ્વા, ભરવાનું ખાસ કેળવાયલા અને અનુભવી શિક્ષકોથીજ પ્રીનસીપલની જાતી દેખરેખ હેથલ શીખવવામાં આવે છે. અંગ્રેજી બાબદ શરૂઆતથીજ શીખવવામાં આવે છે.

મ્યુઝીક તથા સોઈંગ કતીંગ માટે ખાસ અનુભવી શિક્ષકો રોકવામાં આવ્યાછે.

રૂ. બ. ભેશાનીઆ—પ્રીનસીપલ.

૧૨૪

રાગ નહી અગાજો મુજશે વોહ મોરી શાંન કયા જાને

ખરી જીવતાંજ મરવાની, મજાહ નાદાન શું જાણે
ખરી પરવરની મહોબત, અરે અંજાણ શું જાણે—ખરી જીવતાંજ
કરે પરવરની જે યાદ, તેની મોજ તે જાણે
સુખો પછી દુ:ખને આફત, અરે બે ભાન શુ જાણે—ખરી જીવતાંજ
નેકીના સુખને તે મુર્ખાં, ખરે બેભાન શું જાણે
ખુદાનું કામ ખુદા જાણે, અરે અંજાણ શું જાણે—ખરી જીવતાંજ

૧૨૫

રાગ અરે નાદાન અરે બેધ્યાન

મુબારક આજ નવજોત કાજે ખુશીનો દિન છે આજે
થયાં ખુશાલ સો આજે જરથોશ્તીઓ સદા ગાજે
હસતો રમતો સોને ગમતો દિન મુબારક હોજો આજ
મુરાદ તમની ફળજો સર્વે આબાદીમાં રહો સો સાથ
રહો ખુશાલ જરથોસ્તીઓ ખુદાની મહેર તમો માથે
કહે **ફીરોજ** ભલાં કામો કરો હરવાર ઉમંગ સાઠે—હસતો

૧૨૬

રાગ એહ બદીમે પાયા ગમ

ધીરાં કાંમનુ ફૂળ મીઠું જાંન અરે અનજાન
ગોખો રાખો તમે અહુરનાંમ જગતમાં મલસે સદા આરાંમ
લખીયા છે જનમના લેખ મીટે નહી કોઈ
વાવીયાં બીજ તે ફળે ન સઘલાં સમજો અરે નાંદાન
લાયા શું તમો સઉ સાથ ન આવે સંગાઠ
મન રાખી મોટુ કરો દાંન મલસે બેઉ જગતમાં માંન
ચુકતી ઉદયોગનો સાર મળસે હરવાર
ઝીગરમાં રાખી સદા માંન નાહનાં મોહટાં છે એકશાંન
કરો ઉમંગ સદા હરવાર ન થશો લાચાર
કરો નેક જગતમાં કાંમ નેકીનો આવસે નેક અંજામ
લાજ રાખજે તું દાતાર તું છે સરદાર
સમજો સખી કહે **ફીરોજ** જગમાં નેકીકરી સુખ પાંમ-ધીરાં કામનુ

જેમ્સ મેન્યુફેકચરીંગ કંપની

(સ્થાપી ૧૮૮૫)

પીયાનો, ઓરગન, હાથ અને પગ ના પેરીસના તેમજ અમારા કારખાનામાં બનાવેલાં હારમોનીયમ ગ્રામોફોન તેમજ ગ્રામોફોનના રેકોર્ડ વેચનારા રબરના સ્ટેમ્પ, વીઝીટીંગ કાર્ડસ, બ્રાસ બોર્ડ, તેમજ લખવાની બ્લુબ્લેક શાહી બનાવનારા અને વેચનારા.

કાલબાદેવી રોડ,—મુંબઈ.

૧૨૭

રાગ રૈશન રાખ્યું નાંમ

ધીયાન ધરો નર નાર અભીમાંનથી થશે ખુવારી તમારી
ગરૂરી જગમાં નથી રહી રહેવાની બહેની મારી
રાંખી ગરૂરી જો મનમાં થશે જગમાં લાચાર સજની મારી
ટરશો કદી નહી સંસારમાં
રોકી મનજો આ જુઠી માયામાં
ડરો પરવરઠી હરદમ વીચારીરે—ગરૂરી જગમાં
મન રાખો મગન સખીયો હરવાર
યુક્તિ ઉદયોગથી ટરો હરવાર
ઝીગર શાંત રાખો હરસમ સજનીઓરે—ગરૂરી જગમાં
કુરની કરજો જગમાં શુભ સદા
કરો બંદગી લઈ રબ નાંમ સદા
લાજ રાખશે પરવર હરસમ સદા
સમજો ટુંક જીવતરમાં નથી સાર સખીયો મારી—ગરૂરી જગમાં

૧૨૮

રાગ ખુદા દાદલે મારી

ધીરજ હરદમ હરપલ જગમાં આપજે ઓ દાદાર
સમજો સખીયો ટુંક જીવતરમાં નથી હવે કાંઇ સાર
ટાલીયાં નહી બેહની ટલે જગતમાં લખીયા લલાટે લેખ
રહેશે અમર નાંમ ખુદાનુ માનવ નાંમ છે ફાંની સદાનું
મનમાં રાખો હરઘડી હરપલ નાંમ ખુદા આશકાર—ધીરજ
યુધ્ધ ન કરો તમો બહેની મારી આશ ન પુરન થશે તમારી
ઝીગર શાંત સદા રાખો સખીયો સુખી થશે સંસાર
કરજો સદા શુભ કાંમ જગતમાં ભારી ફતેહ છે હરદમ હરવારતમા
કુરજો જગતમાં નેકી સારી ન રહેશો લાચાર
લાયા નથી કાંઇ જગમાં સાઠે અંત જવું છે ખાલી હાથે
સંસાર ટરીપાર ઉતરો જગતમાં દુવા ફીરોજની થાવ આમી.
સુખી રહો નરનાર—ધીરજ

૧૨૯ રાગ બંદયે પરવર

કરલે બંદગી રબકી બંદે દોદીનકી મએમાની હુએ
પ્યારે દોદીનકી મએમાંની હુએ
રામ નામકો ભુલ ગયે તો જીંદગી તેરી ધુલધાની હુએ
કરનાં નેકીકા તું નેક કાંમ હરદમ તેરે હાથ
કહે ફીરોજ નેકી તેરી આએગો સંગાઠ
લાયા કયા તુ લેજાએ સબ જાએ ખાલી હાઠ–કરનાં નેકીકા તું

૧૩૦

રાગ રામનુ નામ મુખે ધરીયે

કીરદીગાર ચાહેમાર ચાહેટાર તેરા હુએ અખતીયાર
જગતકા તું હુએ પાલનહાર
તનમનધન સબ તેરા તુજપર હરદમ કરૂં મયનીસાર
ચાહે મારે ચાહે ઉગારે
તું દોનો આલમકા હુએ સરદાર રહે નુર તેરા આશકાર કીરદીગાર

૧૩૧

રાગ છે ખરો કલાંમ નેકી કરો મુદામ

ધીરજ ધરો હરદમ સજની લઈ પરવરનું નામ
બળ દેશે સદા શુભ કામ; સજની લઈ પરવરનું નામ
લખીયા લેખ નહિ મીટે આ જગમાં કરો હજાર ઉપાય
સાનપત કદી કામ ન આવે લખીયા લેખ મુદામ
રાય રંકનો એક છે માલીક મહા દયાલુ જ્ઞાની બાપ
ટરશે કદી આ જુઠી જગમાં પુર્વે જનમનું દામ—સજની૦
ચુપ્ય કરી આ ફાની જગમાં મેળવશો શું માન
સદા ખુદાની કરીલે ચાદી મલશે સુખ તમામ—સજની૦
નમન કર્યે રંકરાયનું નવ કરીયે મોટાઇ
કરશો સદા નેકીના કામ તો સુખ સદા હરધામ—સજની૦
લાવ્યા નથી કંઈ સાથ જગમાં લઇ જશો શું સંગાથ
સમજો સજજનો જુઠી માયામાં કહે ફીરોજ નેકીના બળમાં
બેઉ જગ આરામ

